# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫**/– આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦**/– (વિમાનથી) આજીવન **૧૬,૫૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર–૩૬૪૦૦૨ ફોન : (૦૨૭૮) ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧
- પ.પૂ. મહાત્મા યોગેશ્વરજી અને પૂ. મા સર્વેશ્વરી વિષે તેમજ તેમના દ્વારા લખાએલ ધર્મગ્રંથો, પ્રાર્થનાઓ, ભજનો વિષે જાણવા માટે વેબસાઇટ swargarohan.org જુઓ.
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશીષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.**

**You can download the pdf file of Adhyatma From Website**
**www.swargarohan.org**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| યોગેશ્વરજીની અમૃત વાણી–વૈરાગ્ય | યોગેશ્વરજી | ૪ |
| ૨૦૧૬ આનંદયાત્રા | દેવાંગભાઈ | ૬ |
| 2016 Phoollwadi | Viren Kher | 17 |
| અશક્યને શક્ય કરતી પૂ.માની કૃપા | મીતા લાડ | ૨૧ |
| 2016 Phoollwadi | Hitesh Lad | 26 |
| Peace & calmness at Swargarohan | Neelaben | 32 |
| મસૂરીના બાળકો અને શિક્ષકોના પ્રતિભાવ | પ્રદીપ રાવત અને રીનાબેન | ૩૬ |
| માનવતાની મહેક | તરલાબેન દેસાઈ | ૪૧ |
| "અમારી ભારતયાત્રા" | જિજ્ઞા બેન | ૪૫ |
| પરદેશનાં ફૂલવાડીનાં બાળકો સાથે યાત્રા | તાપસ | ૫૨ |
| જીવનની પ્રથમ સ્વર્ગારોહણ યાત્રા | અમિષા ટોરન્ટો | ૫૫ |

# સદ્‌ભાવભરી સહાય

—મા સર્વેશ્વરી

ગાંધીવિચારની સર્વોદય ભાવનાને જીવનમાં પ્રત્યક્ષ કરનાર, બુનિયાદી શિક્ષણના રચનાત્મક કાર્યકર્તા, સમાજસુધારક, નિષ્ઠાવાન કર્મયોગી, ભારતીય સંસ્કૃતિના સંરક્ષક, આજીવન સેવાના ભેખધારી ભક્ત બેલડી.

**શ્રી પિયુષભાઈ શાહ**

**શ્રીમતિ સુલોચનાબેન શાહ**

જેઓ ૧૯૯૨થી અધ્યાત્મ ક્ષેત્રે મળતા રહ્યા છે. તેમના સૌજન્યથી આ અંક પ્રકાશીત થઈ રહ્યો છે. અભિનંદન, આભાર.



# યોગેશ્વરજીની અમૃતવાણી

**યોગેશ્વરજી**

## વૈરાગ્ય

હૃદયની શુદ્ધિ, આત્માના જ્ઞાન અથવા પ્રભુના સાચા ને પ્રબળ પ્રેમ વિના એવી દશા મળવી ને ટકવી મુશ્કેલી છે. તે માટે સતત આત્મનિરીક્ષણ જોઈએ. જગતની નાની ને મોટી, પછાત ને આગળ વધેલી પ્રજાને એવા જ અનાસક્તિનો આનંદ આપનારા વૈરાગ્યની જરૂર છે, તેવા વૈરાગ્યને લીધે જ જીવનમાં જોમ આવશે ને જડતા ટળી જશે. આપણી પ્રજાએ પણ પોતાની જૂનીપુરાણી રૂઢ માન્યતાઓને સુધારીને એવા વૈરાગ્યની ભાવના કેળવવાની છે. ભારતના વેદ ને ઉપનિષદકાળનું અધ્યયન કરો તો ઋષિમુનિના જીવન ને ઉપદેશોમાં આવા જ વૈરાગ્યનું દર્શન થશે. એ ભાવનાને ભૂલવાથી ને બહારના વૈરાગ્યને જ સર્વસ્વ માનવા મનાવવાથી આપણી પ્રજા વધારે ને વધારે દીન, દુઃખી, દરિદ્રને કંગાળ તથા પરોપજીવી બનતી ગઈ છે. એવા વૈરાગ્યે સાધક કે સમાજનું શ્રેય નથી સાધ્યું.

તૃષ્ણા ને આસક્તિનો ત્યાગ જ વૈરાગ્ય છે. એ વાત મહર્ષિ પતંજલિએ આપેલી વૈરાગ્યની વ્યાખ્યા પરથી સહેજે સમજી શકાય છે. તેમના કહ્યા પ્રમાણે જોયેલાં કે સાંભળેલાં વિષયો પરથી મન ઉપરામ બની જાય અથવા તૃષ્ણારહિત થઈ જાય ત્યારે તેમને મેળવવાની ઇચ્છાનો અંત આવી જાય છે. તેવા નિષ્કામ થયેલા ચિત્તની જે વશીકાર નામની અવસ્થા છે તે વૈરાગ્ય કહેવાય છે. એટલે વૈરાગ્યનું મન લૌકિક તૃષ્ણા ને કામના રહિત થવું જોઈએ એ નક્કી છે. તે મનમાં કેવળ, નિરોધની, સ્વરૂપની પ્રાપ્તિની કે પરમાત્માના પ્રત્યક્ષ અનુભવની જ ઇચ્છા પ્રકટેલી હોય, જીવનના

શ્રેય માટે તેવી ઈચ્છા ઉપયોગી છે ને કોઈ રીતે નડતરરૂપ નથી. પતંજલિની એ વ્યાખ્યામાં ક્યાંય વૈરાગ્યનાં બાહ્ય ચિહ્નો કે લક્ષણોનો લેશ પણ ઉલ્લેખ નથી મળતો. વૈરાગ્યના અંતરંગ રૂપનો જ તેમાં નિર્દેશ છે. વળી વૈરાગ્ય અંદરની ભૂમિકા છે તે પણ તેથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે. બાહ્ય ચિહ્નો કે લક્ષણોની આપણને સૂગ છે ને તેમને આપણે ઉડાવી દેવા માગીએ છીએ એમ નથી. અંદરની અવસ્થા અથવા ભૂમિકાનાં પડઘા કેટલીક વાર બહાર પડે છે, ને સહજ રીતે પડે તો અવશ્ય આવકારદાયક છે, પરંતુ બહારનાં જ ચિહ્નો ને લક્ષણોને સર્વસ્વ માનવાની ને મનાવવાની વૃત્તિ કે પ્રવૃત્તિ જોર પકડે ને અંદરના વિકાસની અત્યંત અગત્યની વાતને ભૂલી જવામાં આવે ત્યારે તેની સામે લાલબત્તી ધરવી પડે છે, વિરોધનો અવાજ ઉઠાવવો પડે છે, ને અસલ વાત તરફ ધ્યાન ખેંચવું પડે છે. જીવનને તેની અનેકાનેક પદ્ધતિઓ આખરે તો માનવ માટે છે, એટલે માનવની સ્વતંત્ર બુદ્ધિને વિચારશક્તિ તેમનું નિરંતર નિરીક્ષણ કરે તેમજ તેમના સારાસારને તપાસે તે જરૂરી તથા આવકારદાયક છે.

એવો વૈરાગ્ય જે ચિત્તમાં ઉત્પન્ન થાય છે, તે ચિત્ત સહેલાઈથી વશ થઈ જાય છે. માટે જ ચિત્તની એ અવસ્થાને 'વશીકાર' કહેવામાં આવે છે. વળી એવા વૈરાગ્યને પણ વશીકાર કહી શકાય. કેમકે મનને ઈન્દ્રિયોને વશ કરવામાં તે મોટી મદદ કરે છે. તેના પ્રભાવથી મન ને ઈન્દ્રિયો સહેલાઈથી વશ થઈ જાય છે. તેવા રાગની પ્રાપ્તિ થઈ એટલે વશીકરણ મંત્ર જ મળી ગયો એમ માની લેવું. પરમાત્માની શાંતિની કે મુક્તિની પ્રાપ્તિ માટે તે વશીકરણ રૂપ થઈ પડે છે. પોતાની જાતને વશ કરવામાં પણ તે એક મોટા વશીકરણ મંત્રની ગરજ સારે છે. તેનું વશીકાર નામ એથી સાર્થક થાય છે. એવા વૈરાગ્યની પ્રાપ્તિથી જ સાચો આનંદ મળે છે. કર્મ કરવા છતાં મન તેમાંથી ઉપરામ રહીને સાચા અર્થમાં અનાસક્ત પણ ત્યારે જ થઈ શકે છે.



# ૨૦૧૬ આનંદયાત્રા

—દેવાંગભાઈ, અમેરિકા
—પિનાકીન ખેર, ન્યુ જર્સી, યુ.એસ.એ

અમારા જીવનમાં ૨૦૧૬નું વર્ષ ખૂબ યાદગાર બની રહ્યું. હું, અર્પિતા અને મોક્ષ—ફૂલવાડીની ભારત યાત્રામાં અમેરિકા, કેનેડા અને પનામા દેશના ઘણાં પરિવારો સહિત જોડાયા. લગભગ વિદેશના ૨૬ બાળકો અને માતા પિતા મળી ૭૦ જેટલા ભક્તો આ યાત્રામાં ભારત આવ્યા.

૧૭મી ડિસેમ્બરથી શરૂ થયેલ ઉત્તર ભારતની યાત્રા ખરેખર મા—પ્રભુના પ્રેમથી રક્ષાયેલ રહી. અમે ૩૫ જેટલા કેનેડા અને અમેરિકાના ભક્તો હરિદ્વાર, ઋષિકેશ, દેવપ્રયાગ અને મસુરી સુધી પૂજ્ય પ્રભુની યોગભૂમિ કે કર્મભૂમિના દર્શન શાંતિથી કરી શક્યા. મારી દૃષ્ટિએ તો પ્રભુ એટલે જ હિમાલયનું કોઈક શ્વેત વસ્ત્રધારી ઉંચું સર્વોત્તમ શિખર. પ્રભુની આભા, પ્રભુનું વિરાટ સ્વરૂપ અને પ્રભુના ઉચ્ચ વિચારો જાણે આકાશને અડતા કોઈ હિમશિખરની ઉન્નત ટોચ. જેમ મેં શંકર ભગવાનને નથી જોયા તેમ પ્રભુને પણ પરસ્પર મળવાનો મને મોકો નથી સાંપડ્યો. મારે મન પ્રભુ એટલે જાણે દૂર ક્યાંક હિમગીરીમાં વસતા શાંત, એકાંત મૌનમાં મગ્ન યોગી, જેમને દુન્યવી અવાજો કે કોલાહલ સાથે કોઈ સંબંધ ક્યારેય નડ્યો જ ન હતો, જે પોતાની આંખો મીંચી ધ્યાનસ્થ અવસ્થામાં રહી ફક્ત જગદંબા સ્વરૂપને જ જીવનભર ભજતા રહ્યા. એમને મન ઉત્તર ભારત, ગુજરાત, કલકત્તા કે વિદેશ બધું જ સમાન, જ્યાં ધ્યાન મગ્ન થયા કે મન

સીધું કૈલાશ કે હિમાલયની શાંત, શુદ્ધ, પવિત્ર શ્વેતવર્ણી ટોચ પર પહોંચી જાય એવું એમનું વિશાળ વ્યક્તિત્વ, પ્રભુ એટલે જ મારે મન જાણે હિમાલયના મેરુ.

ફૂલવાડીના બાળકો ખૂબ વિસ્મય અને ભાવ સાથે શાંતાશ્રમ, ભરત મંદિર, દશરથ પર્વત કે ગંગાજીના દર્શન કરી રહ્યા. એ બાળમાનસના કુમળા હૃદય પર પૂજ્ય શ્રીનાં પગલાં જાણે કંડારાઈ ગયાં. યુવાન વયે પ્રભુ કેવી રીતે આ સ્થળોએ ચાલીને વિચરણ કરતા કે સાધના કરતા એ ખ્યાલમાત્રથી બધા બાળકોનું પ્રભુ પ્રત્યેનું માન ખૂબ જ વધી ગયું, અને પ્રભુ સાથે પરસ્પર આત્મીયતામાં વધારો થયો. બધા જ પરિવારો ખૂબ આનંદમય હતા અને મા—પરિવારનો સંપ અને પ્રેમ જોઈ કુદરતે પણ અઢળક પ્રેમ વરસાવ્યો. ડીસેમ્બર મહિનાની ઠંડી મોસમમાં પણ રોજ સૂર્ય દેવતાએ પ્રેમની ઉષ્માથી અમને બાથમાં ભરી આ યાત્રા કરાવી. અમે બધાએ પૂજ્ય શ્રી પ્રભુના ખોળે એમની કર્મભૂમિમાં થોડું રમી, ભમીને ફરી ગુજરાત તરફ પ્રયાણ કર્યું.

પૂજ્ય માની સતત કાળજી અને પૂજ્ય પ્રભુના ખોળે રમતા અમે બાળકો સર્વરીતે રક્ષાયેલ રહી, સતત આ જગત માત—પિતા ને વંદી રહ્યા. ખરેખર આપણે કેવા ભાગ્યશાળી કહેવાઈએ કે કરોડો લોકોની વસ્તીમાં આપણે જ આ ચૂંટાયેલા ફૂલો મા—પ્રભુના ચરણે વસી શકીએ છીએ. બસ આ જ રીતે જન્મોજન્મ અમને તમારા ચરણકમળમાં જ રાખજો એવી વિનંતીભરી પ્રાર્થના અમ બાળકોની સ્વીકારજો.

તારીખ ૨૨ ડીસેમ્બરે અમે ૩૫ ભક્તો દિલ્હી થઈ અમદાવાદ પહોંચ્યા. હૃદયમાં એક પ્રકારનો અનેરો આનંદ હતો



કે હવે સ્વર્ગારોહણ એટલે કે આપણું વૃંદાવન ફક્ત હાથવેંત જ હતું. આપણા વ્હાલા કૃષ્ણ એટલે પૂજ્ય માના મોહક સ્મિતના દર્શન ક્યારે થશે અને એમના કમળની પાંખડી સમા નેત્રોથી ક્યારે અમારો ફરી વધ થશે એવા વિચારોમાં અમારી બધાની મનોદશા કોઈ વૃંદાવનની ગોપીથી કમ નહોતી. અમદાવાદ એરપોર્ટ અને સકલ એપાર્ટમેન્ટ—સત્યપથ આશ્રમ પર અમદાવાદના સત્સંગી પરિવાર તરફથી અમારું ખૂબ પ્રેમ અને ઉષ્માથી સ્વાગત થયું. ભારત અને વિદેશના મા પરિવારના બધાજ ભક્તો ખૂબ પ્રેમથી એકબીજાને મળ્યા. પૂજ્ય શ્રી પ્રભુ અને પૂજ્ય માએ જે ધરતી પર થોડો સમય નિવાસ કર્યો તેની ચરણરજ બધાએ માથે લગાડી અને ભારતના સત્સંગીઓ સાથે મા અને પ્રભુના નિવાસ દરમ્યાનની પાવન યાદોને મમળાવી. ફૂલવાડીના બાળકોએ પણ ખૂબ ભાવપૂર્વક પ્રેમથી પ્રભુની સચવાયેલી યાદોને નિહાળી.

તારીખ ૨૩ ડીસેમ્બરનો તો ઉન્માદ જુદો જ હતો...બધા જ સ્વર્ગારોહણ પહોંચવા થનગની રહ્યા હતા. આપણા કૃષ્ણ—મા પણ તો એટલી જ ઉત્કટતાથી આ બધા બાળવૃંદની રાહ જોઈ રહ્યાં હતાં. હા—મને સાચે જ આપણા મા—કૃષ્ણ જ લાગે છે. કારણ કે કૃષ્ણ પણ મનુષ્ય સ્વરૂપ જ હતા. એઓ બધાને પોતાના પ્રેમમાં રંગી સૃષ્ટિનું જ્ઞાન ધરતા રહ્યા. તેમ પૂજ્ય મા પણ આપણી વચ્ચે વસી આપણાને સંસારમાં ઉત્તમ રીતે રહેતા શીખવાડી સાથે કેવી રીતે પ્રભુમાં મન પરોવી રાખવાનું છે એની સતત કાળજી રાખતાં જ રહે છે. સાચું કહીએ તો આજના જમાનામાં પ્રેમ—ધર્મ જ એક સમજી શકાય એવો ધર્મ છે.

અત્યારના ૨૧મી સદીના યુગમાં ટી.વી., આઈપોડ (i-pod) અને વિડીયો ગેમમાં વસતા બાળકો કે ફોનમાં સતત પોતાને ખોવાયેલા રાખતા યુવાનો પણ ફક્ત એક પ્રેમની જ ભાષા સમજી શકે છે, અને એ પ્રેમની પરીભાષામાં જ પૂજ્ય મા એમને સતત નવાજી, વ્હાલ કરી, કે પ્રેમની અભિવ્યક્તિથી પોતાના કરી લઈ ધીમેથી જ્ઞાનની પ્રસાદી પીરસે છે.

શ્રીકૃષ્ણ ભગવાને જેમ અર્જુનને ગીતાનો બોધ આપ્યો તો એક સખાભાવે સમજાવ્યો, નહીં કે કોઈ ગુરુ, ભગવાન કે શિક્ષક બનીને. તેમ પૂજ્ય મા પણ સખાભાવે આપણને બધાને જ જીવન–બોધ આપતાં રહે છે. શ્રીકૃષ્ણ પણ ત્યારે મનુષ્યરૂપે જ હતા અને પૂજ્ય મા પણ મનુષ્યરૂપ જ છે. આપણી માન્યતા પર હવે નિર્ભર છે કે આપણે એમને ગુરુ માનીએ, ભગવાન કે સખા. પૂજ્ય મા ખરેખર સમયની સાથે ચાલનાર છે. એમની મોર્ડન વિચારધારાથી યુવાનો અને બાળકોને પણ વિસ્મયમાં નાખી શકે છે. એમ પણ યુવાવર્ગને પ્રેમ અને આધુનિકતાના માર્ગે જો ધર્મના સાધનથી વાળવામાં આવે તો એમને પણ રસ પડે છે. અને યુવાનો પણ ધરમાર્થે વળે છે. આ યુગપરિવર્તક પૂજ્ય માના દર્શન કરવા બધા જ ખૂબ ઉત્સુક હતા.

તારીખ ૨૩ ડીસેમ્બરની સાંજે અમે બધા સ્વર્ગારોહણ પહોંચીએ છીએ. વૃંદાવનની રજેરજમાં બાળકિશોરોની પગલી અને કૃષ્ણનો ક્ષણેક્ષણનો છલકાતો આનંદ. આ ભૂમિમાં પૂજ્ય મા–પ્રભુની એક અદ્રશ્ય વાંસળીનો સતત સૂર છલકાતો હતો તો જાણે એની દીવાલની એક એક ઈંટ પર અને પાંદડે પાંદડે પૂજ્ય માપ્રભુની ફિંગરપ્રિન્ટ વર્તાતી હતી.



બધા જ ભાવિકોનું ખૂબ યાદગાર રાજવી સ્વાગત કરવામાં આવ્યું. કદાચ આવું પહેલીવાર જોયું કે ગોપબાળકોને કૃષ્ણે કેવા વધાવ્યા હશે વૃંદાવનમાં. ચારો તરફ ફક્ત આનંદ...આનંદ...બધાના મોઢા પર છવાયેલ સુંદર સ્મિત.

જાણે પોતાના સાચા ઘરે પહોંચ્યા હોય તેવી હાશ બધાના મુખ પર જોવા મળી. બાળકો પણ પોતાના ઘરમાં રમતા હોય તેમ બિન્દાસ્ત સ્વર્ગારોહણની ભૂમિમાં ચારેકોર ફરી વળ્યા. સ્વર્ગારોહણમાં તો સાચે જ જાણે આનંદોત્સવ...પૂજ્ય માને થતું હતું કે આ બાળકોને શું આપી દઈએ. ૪–૫ દિવસમાં જાણે આખું જીવન જીવી જવાનું હતું અને અમારા કોઈના વિચારમાં પણ ના હોય એવા એક આયોજનનું અમે દર્શન કર્યું. કોઈ કુશળ પ્રોજેક્ટ મેનેજર જેમ કારભાર સંભાળે તેમ આપણા જીવનનો કારભાર પૂજ્ય મા કરતા હોય છે તેવું.

વિદેશમાં વસતા મોટાભાગના બાળકો ભારતમાં ઉજવાતા તહેવારોથી અને એની મજાથી વંચિત રહેતા હોય છે. પૂજ્ય માને એની જાણ છે. ૧૪મી જાન્યુઆરી–ઊત્તરાયણ સમયે અમેરિકા અને કેનેડામાં કડકડતી ઠંડી અને બરફ હોય છે. તો દિવાળી જેવા તહેવારોના સમયે ફટાકડા હાથે ફોડવા પર સરકારી નિયમો હોય છે. જેવો દેશ તેવો વેશ. વિદેશી બાળકો ઉનાળામાં દરિયાકિનારે નાઈલોનની દોરી વાળા પ્લાસ્ટીકના પતંગ ચગાવે તો અમેરિકા કેનેડાના આઝાદી દીને થતી આતશબાજીના દૂરથી દર્શન કરે.

પૂજ્ય મા આ બધું ખૂબ બારીકીથી જુએ છે. પોતાના ભારતના બાળકો આ બધા તહેવારો ધામધૂમથી ઉજવે અને વિદેશના બાળકો રહી જાય તે કેમ ચાલે? એટલે આ પાંચ

દિવસમાં સ્વર્ગારોહણમાં બધા જ તહેવારોનું સુંદર આયોજન પૂજ્ય માએ કર્યું હતું. ભારતના ૩૪ જેટલા સત્સંગી યુવાનો–૭૦ વિદેશના ભાઈ બહેનોને મદદ કરવા ખડે પગે તૈયાર હતા. સ્વર્ગારોહણના સર્વમંગલ ટ્રસ્ટના રાજુભાઈ અને સ્વર્ગારોહણમાં બારેમાસ રહેતા નાથાકાકા કે રસોઈ ઘરના મહારાજ કે પછી વિઠલકાકા જે આશ્રમમાં જ રહે છે તે બધા તો જાણે કોઈ લગ્નપ્રસંગ ઉજવાઈ રહ્યા હોય તેમ વ્યસ્ત રહ્યા.

રોજ જાતજાતના બાળકોને ભાવે એવા ભોજન પીરસાયા તો મહેંદી, રંગોળી, વૃક્ષારોપણ, ઉતરાયણની પતંગબાજી કે રાત્રે અંધારે ચઢાવતા કન્દીલ અને કદી જીવનમાં નાં જોયેલી હોઈ કે હાથે ના કરી હોય એવી આતશબાજી બધા નાના મોટાએ સાથે મળીને કરી. અરે જન્માષ્ટમી જેવો તહેવાર પણ મોટા અને બાળકોએ ધામધૂમથી અને ભારે ઉત્સાહ સાથે ઉજવ્યો. પૂજ્ય માએ સતત પોતાની હાજરીથી બધાનો પ્રેમોત્સાહ પોરસાવ્યો તો બાળકોએ રોજ સાંજે પોતાની કલા પૂજ્ય મા પાસે વ્યક્ત કરી, પોતાની અર્ચના પૂજ્ય માના ચરણે ધરી.

આ બધા કાર્યક્રમોની સાથે પાંચ દિવસમાં પાંચ સત્કર્મોનું પણ આયોજન ખૂબ ધ્યાનથી કરવામાં આવ્યું હતું. ફૂલવાડીના નાના બાળકો જે વિદેશથી આવ્યા તેમના હાથે બાળ સત્કર્મ એ ખૂબ આંખ ઉઘાડનારો પ્રસંગ હતો. સવારે કલાકો અંધારામાં ચાલીને આવતી લાકડાના ભારાવાળી બેનો અને ૫–૮ વર્ષના નાના શાળાના બાળકોને સ્વેટર, ટોપી, થાળી, ટોવેલ, દફ્તર જેવા દૈનિક જીવનમાં જોઈએ એવા સાધનો વિદેશથી આવેલ બાળકોના સ્વહસ્તે પ્રદાન કરવામાં આવ્યાં. આ કરવાથી જેમના



જીવનમાં હાડમારી છે કે જેમને કંઈ નથી મળ્યું અને જેને આપણે પોતાની શક્તિપૂર્વક વહેંચી શકીએ તો જીવન કૃતાર્થ થઈ શકે એવા સુંદર પાઠ આ વિદેશના બાળકોને શીખવા મળ્યા.

આ સાથે ફૂલવાડીમાં આવેલ બાળકોને પૂજ્ય માએ પોતાના નિવાસમાં પણ બોલાવ્યા અને નિવાસનું દર્શન, યોગતીર્થનું દર્શન અને સ્વર્ગારોહણનું દર્શન કરાવ્યું. જેથી બાળકોને આશ્રમની વિશેષતાઓનું પણ જ્ઞાન રહે અને ભવિષ્યમાં ફરી ફરી આવતા રહેવાનું મન થાય. બધા જ બાળકોએ ખૂબ રસપૂર્વક આશ્રમને માણ્યો અને એક નવી જ સમજ સાથે પૂજ્ય મા–પ્રભુની આ પાવન ભૂમિને નમસ્કાર કર્યા.

છેવટે ૨૭મી એ નીકળવાનો દિવસ આવી પહોંચ્યો. ખૂબ ભારે હૃદયે બધાએ સાંજની વેળાએ પૂજ્ય માની રજા માંગી. કોઈને જવાની ઈચ્છા ન હતી પણ શાળાનું વેકેશન સમાપ્તિ પર હતું, વિદેશની યાત્રા પણ લાંબી હતી, એટલે બધાએ પૂજ્ય મા–પ્રભુને ફરી આવતે વર્ષે સ્વર્ગારોહણ આવીશું એવી તૈયારી સાથે વિદાય લીધી. પૂજ્ય માએ ખૂબ પ્રેમની હેલી વરસાવી અને આશીર્વાદ આપી બધાને રક્ષમામ્ કવચ ધર્યું.

ત્યાંથી બે બસમાં બધા પૂજ્ય માના જન્મસ્થળ કર્પૂરવન ૨૮મી એ સવારે પહોંચ્યા. પૂજ્ય માનું પૂર્વાશ્રમનું નિવાસ્થાન કાલિ મંદિર, શાળા, વાડીના દર્શન બધાએ ખૂબ ભાવથી કર્યાં. કર્પૂરવનમાં રહેતા ભાવિકો અને સત્સંગી પરિવારોએ ખૂબ પ્રેમથી બધાને જમાડીને છેવટે છેક સાંજે વિદાય કર્યા.

આમ અમારી આ અવિસ્મરણીય, અભૂતપૂર્વ, આનંદમયી વૃંદાવન અને કૈલાસ યાત્રાનો છેવટે અંત આવ્યો. અમે બધા જ

આ બધી યાદોને આંખોમાં અને અમારા દિલમાં મઢી લઈ ફરી વિદેશ આવી પહોંચ્યા. હે મા! અમને ફરી ફરી આવી યાત્રાનો લાભ આપતાં રહેજો એવી પ્રાર્થના સતત હૃદયપૂર્વક થતી રહી.

આંખ મીંચી જ્યારે જ્યારે આ યાદોને મમળાવીશુ ત્યારે ત્યારે તમારા પ્રેમની મધુર વાંસળી અમને અચૂક સદા સંભળાતી રહેશે, સાંભરતી રહેશે. હે મા અમને સદા તમારા ચરણોમાં રાખજો.

**તમારો બાળક–દેવાંગના પ્રણામ**

## ૨૦૧૬ ફૂલવાડી યાત્રા અને શિબિર

**–પિનાકીન ખેર**

જય કૃપાળુ મા.

પૂજ્ય શ્રી માને પ્રણામ. પૂજ્ય શ્રી માની કૃપાથી અમોને વર્ષ ૨૦૧૬ના ફૂલવાડી યાત્રા અને ફૂલવાડી શિબિરમાં ભાગ લેવાનો અમૂલ્ય લ્હાવો મળ્યો તે બદલ પૂ.શ્રી માને ખૂબ ખૂબ પ્રણામ અને ખૂબ ખૂબ આભાર.

વર્ષ ૨૦૧૧થી પૂ.શ્રી માની કૃપાથી દર વર્ષે નોર્થ અમેરીકાના બાળકો ભેગા મળી ફૂલવાડી શિબિર કરે છે. પરંતુ આ વર્ષની ફૂલવાડીની યાત્રા અને ફૂલવાડી શિબિર એ સૌથી ઉત્તમ હતી કેમકે આ વર્ષે અમે ફૂલવાડી ભારતમાં સ્વર્ગારોહણમાં કરી. પૂ.શ્રી માની કૃપાથી બાળકોએ ઉત્તર ભારતની યાત્રા કરી કે જેમાં અમોએ પૂ.શ્રી પ્રભુજીના બધા સાધના સમયના સ્થાનોની મુલાકાત લીધી. અમોએ હરિદ્વાર, ઋષિકેશ, મસૂરી, દેવપ્રયાગ અને અમદાવાદની યાત્રા કરી કે જેમાં અમોને ગંગાજી પૂજન, ગંગાજી આરતી, મસૂરી સ્કૂલ મુલાકાત, શાંતાશ્રમ કુટિયા, શિવાનંદ આશ્રમ, દેવકીબાઈ



ધર્મશાળા, સત્યપથ વગેરે પવિત્ર સ્થળો જોવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું.

પૂ.શ્રી માએ આ આખી યાત્રામાં અમોને ખૂબ જ સહાય કરી. આ યાત્રાના આયોજન અને વ્યવસ્થાનું કાર્ય પૂ.શ્રી માએ શ્રી રાજીવભાઈ જાની (મુંબઈ) અને શ્રી નીલેશભાઈ (ભાવનગર)ને સોંપ્યું હતું. તેઓએ અમારી બસથી લઈને હોટલમાં રહેવાની, જમવાની, વિવિધ સ્થળોએ જવાની, ખરીદીની, વગેરે બધી વ્યવસ્થા ખૂબ જ સારી રીતે કરી હતી. તેઓની મદદથી અમારી આખી યાત્રા ખૂબ જ આનંદદાયક અને સફળ થઈ શકી. શ્રી સ્નેહલભાઈ (વડોદરા) પણ પૂ.માની આજ્ઞાથી બાળકોને ગંગાજી પૂજન કરાવવા સ્પેશ્યલ હરિદ્વાર ફક્ત બે દિવસ માટે આવ્યા હતા. પૂ.શ્રી મા અમારી સાથે રહીને અમોને આખી યાત્રા કરાવતા હોય તેવી અનુભૂતી અમોને સતત થતી હતી. બધા બાળકોને પણ આ યાત્રામાં ખૂબ જ મઝા આવી. અમે લોકો ૩૫ યાત્રીઓ આ યાત્રામાં હતા પરંતુ પૂ.શ્રી માની કૃપાથી અમોને કંઈ તકલીફ નથી પડી. ડિસેમ્બર મહીનાના ઠંડીના સમયમાં અમે આ યાત્રા કરી, પરંતુ કોઈ માંદુ નથી પડ્યું કે કોઈને કશું વાગ્યું નથી કે કોઈ બાળકો ખોવાયા નથી કે કોઈને પણ કંઈ મન દુઃખ થયું નથી. અમારા આટલા બધાની સતત રક્ષા પૂ.શ્રી માએ કરી હતી. પૂ.શ્રી માની ખૂબ ખૂબ કૃપા.

ઉત્તર ભારતની ફૂલવાડીની યાત્રાના અંતે અમે સ્વર્ગારોહણ અંબાજી ગયા જ્યાં કેનેડા અને પનામાના બાળકો અને માતા–પિતા પણ ફૂલવાડી શિબિરમાં ભાગ લેવા આવ્યા હતા. જ્યારે

અમે બધા સ્વર્ગારોહણ પહોંચ્યા ત્યારે પૂ.શ્રી માએ અમારા બધાનું ખૂબ જ સરસ સ્વાગત કર્યું. સ્વર્ગારોહણના સ્વજનો બધા અમોને આવકારવા બહાર જ ઊભા હતા અને કોઈ જાનનું સ્વાગત કરતા હોય તેમ ઢોલ નગારા સાથે, ગરબા સાથે અમારા બધાનું સ્વાગત કર્યું. આ ફૂલવાડી શિબિર માટે પૂ.શ્રી માએ સ્વાર્ગારોહણમાં ખૂબ જ તૈયારી કરી હતી. પૂ.શ્રી માએ આખું સ્વર્ગારોહણ જાણે ફૂલવાડી માટે જ રાખ્યું હતું. ફૂલવાડીના બાળકો તેમજ માતા પિતાની રહેવાની વ્યવસ્થા સ્વર્ગારોહણમાં હતી અને તે સિવાયના બધાની રહેવાની વ્યવસ્થા સામે જેઠીબા સદનમાં કરવામાં આવી હતી. ફૂલવાડી દરમ્યાન સ્વર્ગારોહણમાં બાળકોને પસંદ પડે તેવું સરસ જમવાનું બનાવ્યું.

સ્વર્ગારોહણમાં ફૂલવાડી શિબિર દરમ્યાન બાળકોને ખૂબ જ મઝા આવી. તેમણે દરરોજ જુદાજુદા કાર્યક્રમોમાં ખૂબ જ આનંદ આવતો. બધા બાળકોએ રંગોળી કરી, ફટાકડા ફોડ્યા, પતંગ ચગાવ્યા, મટકી ફોડ, વગેરે કરી ખૂબ જ આનંદ માણ્યો. બાળકોએ તેમના બચાવેલા રૂપિયા (પીગી બેંક મની)માંથી સત્કર્મ કર્યું જેમાં તેમણે સ્કુલના બાળકોને સ્વેટર, ટોપી, દફતર, બ્રશ, પેસ્ટ, સાબુ, તેલ, નાસ્તો વગેરે જરૂરી વસ્તુઓનું દાન કર્યું.

પૂ.શ્રી માએ પણ ફૂલવાડી શિબિર દરમ્યાન બધા કાર્યક્રમોમાં હાજરી આપી. પૂ.શ્રી મા તેમનો મોટા ભાગનો સમય ફૂલવાડી અને ફૂલવાડીના બાળકોને જ આપતાં. પૂ.શ્રી માએ રોજ સવારે તેમની સાથે ૧૧ પ્રણામ કરવાનો અદ્‌ભુત લ્હાવો આ ફૂલવાડી શિબિર દરમ્યાન બધાને આપ્યો.

ફૂલવાડી શિબિરને અંતે પૂ.શ્રી માએ બધાને કર્પૂરવનની



યાત્રા કરાવી. અમે લોકો બધા સ્વર્ગારોહણથી બસમાં કર્પૂરવન ગયા અને પૂ.શ્રી માની જન્મભૂમિનાં દર્શન કર્યા. પૂ.શ્રી માની સૂચના પ્રમાણે કર્પૂરવનમાં અમારા બધા માટે ખૂબ જ સરસ વ્યવસ્થા હતી. કર્પૂરવનમાં અમે પૂ.શ્રી માનુ જન્મસ્થળ, શ્રી યોગેશ્વરજી વડ, કર્પૂરવન સ્કૂલ, આંબાવાડી, શ્રી સુશીલા માસી અને શ્રી શારદા માસીના ઘર, વગેરે સ્થળોની મુલાકાત લીધી.

પૂ.શ્રી માની કૃપાથી આ આખી ફૂલવાડી યાત્રા અને ફૂલવાડી શિબિર ખૂબ જ સરસ રહી. અમોને બધાને ખૂબ જ મઝા આવી. પૂ.શ્રી માએ અમારી સાથે રહી અમારા બધાની રક્ષા કરી અને અમારા બધા પર ખૂબ ખૂબ પ્રેમ વરસાવ્યો. અમારા બધા માટે આ અમારા જીવનનો એક અદભુત લ્હાવો બની રહ્યો.

**પૂ.શ્રી માને ખૂબ ખૂબ પ્રણામ.**

**જય કૃપાળુ મા.**


**✻ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✻**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# 2016 Phoolwadi

**Viren Kher,** age 15, New Jersey, USA

Jai Krupalu Maa.

In December 2016, we all got the opportunity to join Pujya Maa for a Fulwadi in India for 10 days For the first 5 days we went to all the places where Pujya Prabhuji did his sadhana such as Haridwar. Mussoorie, Rishikesh, and Devprayag. For the last 5 days we came back to Swargarohan. Most of the Fulwadi kids gathered together First time for our Fulwadi yatra in India. Pujya Maa had told us to go on a yatra to see all of the places where Pujya Prabhuji did his sadhana. The first place we all met was in Haridwar. We learned that Haridwar literally means Gateway to God- and that if you wanted to become a spiritual being, then you would first go to Haridwar. There we did the Ganga Pujan and the Gangaji Aarti. During the Ganga Pujan Snehal Kaka directed it and we all sat down right next to the Gangaji and did pujan and prayers. When we went to the Gangaji Aarti, there were hundreds of people lined up by the banks of the Gangaji trying to get the full experience. On the other side of the river, there were people doing Aarti. I felt truly focused on the Aarti and I also loved how all of those people



believed in God and the Gangaji. The next day we went on a long bus ride up a mountain to the city of Mussoorie. There we visited the school called “Shree Yogeshwar Saraswati Shishu Vidya Mandir”. Pujya Prabhuji got the money from his pravachans and funded the construction of the school. We learned that Pujya Prabhuji did not use money for himself but instead he helped to bring hope to the community to grow and flourish. We took a tour of the school and saw how the children learned there. The view from the school was beautiful because we could see the entire mountain and even land from miles and miles away. That night we drove to Devprayag. On the way, we got a glimpse of the Tehri Dam- and it looked beautiful at night because of all the lights. Devprayag is famous because that is where the Gangaji river starts. The two rivers named Bhagirathi and Alaknanda merge & form the Ganga River. Bhagirathi is light-colored and fast, while the Alaknanda is dark-colored and slow. There we went to Santashram, where Pujya Prabhuji did sadhana for 7 years. It is a very small but with just enough space to live. After that we went to Rishikesh, where we went to Shivam uncle’s ashram. Shivam Uncle taught young kids the ancient scriptures in Sanskrit that are thousands of years old to keep them alive.

We also fed the kids of the Ashram food for dinner as Sat Karma. Pujya Maa also supported Shivam Uncle's ashram and his ideas. Also, we saw Bharat Mandir and the Shivananda Ashram. Then we went to Devkibai ni Dharmshala. That is where Pujya Prabhuji stayed for a year before he went to Dashrathachal mountain for sadhna. After that we went to Ahmedabad. In Ahmedabad we went to Satyapath, where Pujya Prabhuji bought an apartment for Pujya Maa to stay. There we did prarthna. Pujya Maa had made the rooms into little museums showcasing all of Pujya Prabhuji's possessions and other things. We even learned that the address on Pujya Maa's passport is the address of Satyapath! The next day we went to Sarvayogam,a school in which Pujya Maa had laid the foundation. There we saw multiple performances by the students and then we took a tour of the entire school. They even showed us the video of Pujya Maa was laying the foundation. Afterward we drove to Swargarohan. where Pujya Maa gave us a great welcoming. On the first night some of us got to rest out side but the rest of the Fulwadi we stayed at Swargarohan where we had so much fun with Pujya Maa. We did fun things like fireworks, rangoli, kite flying, chinese lanterns and matki phod. We had so



much fun with Pujya Maa and everyone did wonderful performances.

There was wonderful and delicious food being served at Swargarohan such as idli sambhar. dahi vada, pasta. mexican bhel, and aloo paratha. We even did 5 total Satkarmas in Swargarohan with one being at 6:30 in the morning and the other 4 during the day. We also went Shanti Kulam and did satsang there with Pujya Maa. That was the first time that Pujya Maa had ever walked around the land of Shanti Kulam. During this Fulwadi, no one got sick or got hurt at all. Pujya Maa was protecting us throughout the entire trip so that we could have as much fun as possible. The greatest thing about this trip was that Pujya Maa let us go all around India and look at the things that Pujya Prabhuji did throughout his life and the places where he did his sadhana. We also learned that Pujya Prabhuji was a great saint and helped society as much as he could. We should also be nice and caring like Pujya Prabhuji and always focus on God. This has been one of the best Fulwadi I have ever been to. I also wish that we will have another India Fulwadi next year and that everyone will be able to attend.

Jai Krupalu Maa

# અશક્યને શક્ય કરતી પૂ.માની કૃપા

—મીતા લાડ, ટોરોન્ટો

પ.પૂ.શ્રી માના ચરણોમાં કોટી કોટી પ્રણામ.

પ.પૂ.શ્રી મા—પ્રભુની અસીમ કૃપાથી આ વર્ષે એટલે ડિસેમ્બર ૨૦૧૬માં અમારા બંને બાળકો (દર્શન અને પ્રસાદ) સાથે ભારત જવાનું સૌભાગ્ય મળ્યું. અમારો મોટો દીકરો તો જ્યારે બે વર્ષનો હતો ત્યારે અમે એને લઈને ભારત ગયેલા એટલે એમ કહી શકાય કે જાણે બંને બાળકોને સમજાય અને યાદ રહે એવી આ પહેલી યાત્રા હતી. બાળકો માટે તો આ ભારત યાત્રા અને એમાં પણ ખાસ તો સ્વર્ગારોહણનું દર્શન એ ઘણો મોટો અને યાદગાર અનુભવ ગણી શકાય.

પૂ.શ્રી માએ જ્યારે ૨૦૧૬ના જૂન—જુલાઈમાં ભારત, સ્વર્ગારોહણમાં ફૂલવાડી પરિવારના કાર્યકર્મની જાહેરાત કરી તો ખૂબ જ આનંદ થયો. ભલે પછી કામેથી રજાનો પ્રશ્ન હોય, બાળકોને સ્કૂલમાં રજાનો પ્રશ્ન હોય કે પછી બાળકોની એલર્જીનો પ્રશ્ન હોય પણ આ બધા જ પ્રશ્નો પૂ.મા પ્રભુ ઉકેલી આપશે જ એવી શ્રદ્ધા અને વિશ્વાસ સાથે અમે ભારત યાત્રાની તૈયારી કરવા લાગ્યાં.

ભારત પહોંચી, સૌ સ્વજનોને મળી બાળકોને ખૂબ આનંદ થયો. સ્વજનો પ્રત્યેની અમારી ફરજો અદા કરી અમે સ્વર્ગારોહણ પહોંચી ગયાં. અમને સ્વર્ગારોહણમાં ૭ (સાત) દિવસ રહેવાનો લાભ મળ્યો. અમે જેવા સ્વર્ગારોહણમાં પહોંચ્યા તેવા જાણે પોતાના જ ઘરમાં આવ્યા હોય એવો અનુભવ થયો. મારી તબિયત આવ્યા તે દિવસે બિલકુલ સારી ન



હતી પરંતુ પૂ.માની કૃપાથી સ્વર્ગારોહણ પહોંચતા બધું જ સારું લાગ્યું અને ખાસ તો બાળકો પણ બધા જ દિવસો સ્વસ્થ રહ્યા એ પૂ.માની કૃપા જ હતી. ભારત આવતા પહેલાં અહીં કેનેડા—અમેરિકાના ફૂલવાડી પરિવારના સૌ માતા—પિતા ફોન પર મિટિંગો કરીને શિબિરમાં શું અને કેવો પ્રોગ્રામ કરવો એવી વિચારણા કરતા હતા. પરંતુ ત્યાં પહોંચ્યા ત્યારે પૂ.માએ તો ખૂબ જ ભવ્ય કાર્યક્રમ બનાવી દીધો હતો. અમારી મિટિંગોમાં તો નાટક કયુ ભજવવું એવી ચર્ચાથી આગળ વાત વધી જ ન હતી. એટલે આપણી યોજનાની કોઈ જરૂરત જ ન હતી. અમારે કાંઈ વિચારવાનું જ રહ્યું નહીં અને પૂ.માએ આ પર્વને ખૂબ જ મહત્ત્વ આપ્યું હતું. દરેક પ્રોગ્રામ તથા સૌનું રહેવાનું, જમવાનું, તેમજ બધી જ વ્યવસ્થા ફૂલવાડીના બાળકોને સર્વ રીતે અનુકૂળ રહે એવું સુંદર આયોજન પૂ.શ્રી માએ કર્યું હતું. આપણા પોતાના સ્નેહી—સ્વજનો કરે એના કરતાં પણ વધારે અને ખૂબ જ સરસ વ્યવસ્થા પૂ.માએ અમારા સૌ માટે કરી હતી. અમારા મોટા દિકરાને એલર્જી છે તો પૂ.માએ મને રસોડામાં જઈને એ બાળકને જે માફક આવે તેવું ખાવાનું બનાવી આપવાની છૂટ આપી, જાણે મારા પોતાના ઘરમાં જ હોય એમ.

અમે જેટલા દિવસ સ્વર્ગારોહણમાં રહ્યાં, તેટલા દિવસ બાળકો એમની મેળે ખૂબ જ હરતા, ફરતા, રમતા, હતા. વિશ્વાસ હતો કે બાળકો અહીં સર્વ રીતે રક્ષાયેલાં છે. અરે! એક દિવસ તો એવું બન્યું કે રંગોળીના કાર્યક્રમ પછી ભોજન સમયે અને સત્સંગમાં મારો નાનો દીકરો પ્રસાદ બિલકુલ દેખાયો નહીં એટલે હું બધા ઓરડાઓમાં શોધી આવી પરંતુ ક્યાંય જોવામાં ન આવ્યો. થોડા વખત પછી જ્યારે એ જોવામાં આવ્યો તો એને

પૂછતાં ખબર પડી કે એ તો બહેનો સાથે રંગોળી પૂરતો હતો અને નવાઈની વાત તો એ હતી કે પૂ.મા પણ ત્યાં તેઓની સાથે જ હતાં, જાણે એની પડખે સતત ઊભા હતાં.

સ્વર્ગારોહણમાં બાળકોએ તહેવારો પણ એટલા બધા ઉજવ્યા કે એ બધા તહેવારો એમણે આટલા વર્ષોમાં કદી માણ્યા ન હતા. દરેક બાળકોને આપણા ઉત્સવો ઉજવાનો લાભ મળે એવી સરસ વ્યવસ્થા પૂ.માએ કરી હતી. જેમકે રંગોળી, પતંગ, ફટાકડા, તેમજ રાત્રે ફાનસ વગેરેનો સમાવેશ હતો. એ ઉપરાંત પૂ.માએ બાળકોને સ્વર્ગારોહણની નવી ધરતી પર વૃક્ષારોપણની ઉત્તમ તક પણ ધરી હતી. એટલે અમે તો પૂ.માની હાજરીમાં દરેક ક્ષણ એક સુંદર ઉત્સવ બની જતો અનુભવ્યો. ફૂલવાડી પર્વના છેલ્લા દિવસે અમને સૌને પૂ.માના જન્મ સ્થાન કર્પૂરવન જવાનું સૌભાગ્ય પણ મળ્યું. કેટલું સરસ કે આખી શિબિર સ્વર્ગારોહણમાં અને પૂર્ણાહૂતિ કર્પૂરવનમાં! કર્પૂરવનના કાલી મંદિરને જોઈએ કે વડલાને જોઈએ, બધામાં પૂ.માની હાજરી અનુભવાતી હતી. દરેક વસ્તુના દર્શન કરતા મનમાં કુતૂહલ થતું કે પૂ.મા અહીં વિચર્યા હશે ત્યારે કેવું હશે! ખરેજ! અહીંની ધરતી આ ઈતિહાસની સાક્ષી છે. ગામ પણ ખૂબ જ સુંદર અને રૂપાળુ! ગામના બધા સ્વજનો પણ ખૂબ પ્રેમાળ! જાણે પૂ.મા જ સર્વમાં બિરાજ્યાં હોય એવો અનુભવ થતો હતો.

આમ આ યાત્રા જાણે જીવનની યાદગાર યાત્રા બની ગઈ. દરેક પળે જાણે પૂ.મા અમને સંભાળતાં હતાં. એક અદ્‌ભુત અનુભવ પણ યાદ રહી જાય એવો થયો. યાત્રા પૂરી થયા બાદ ત્રીજા જ દિવસે અમે કેનેડા આવવા માટે મુંબઈ ગયાં તો રસ્તે ખૂબ જ ટ્રાફિકના લીધે એરપોર્ટ પર મોડા પહોંચ્યાં તો ત્યાં ઘણી



લાંબી લાઈનો હતી. અમારું પ્લેન ઉપાડવાને ફક્ત દોઢેક કલાક જ બાકી હતો. એટલા ટુંકા સમય દરમ્યાન અમારે લગેજ રજીસ્ટર કરાવવાનું, સિક્યુરિટી પાસ કરવાનું અને ઈમિગ્રેશન પણ કરવાનું હતું એટલે આ બધું કરતાં સહેજે લગભગ બે થી ત્રણ કલાક તો થઈ જ જાય. અમે બેગો રજીસ્ટર કરાવવા ગયા તો ત્યાં ઓફિસરે કહ્યુંકે અમે ઘણાં જ મોડા પડ્યા છીએ, તો અચાનક ત્યાં એક યુવાન બહેન આવ્યા અને અમને કહ્યું કે મારી સાથે ચાલો હું તમને રસ્તો બતાવું છું. અમારી આગળ અને પાછળ તો બીજા પણ ઘણાં બધા હતાં છતાં પેલા બહેન ફક્ત અમને ચારને જ લઈ ગયાં અને સિક્યુરિટી પાસ કરાવીને સીધા જ ઈમિગ્રેશન લાઈનમાં મૂકી દીધાં. અમે એકલા હોત તો એકાદ કલાક જેટલો સમય તો થઈ જ જાત. જાણે પૂ.મા જ એ બહેનના રૂપમાં આવીને મદદ કરી ગયા. હવે ઈમિગ્રેશન માટે પણ ખૂબ જ મોટી લાઈન હતી. અહીં પણ લગભગ બે કલાક વગર અમારો નંબર લાગે તેમ ન હતું અને અમારું પ્લેન ઉપડવાને ફક્ત ૪૫ મિનિટની જ વાર હતી. અમે મા–પ્રભુનું સ્મરણ કરી બાવની ગાવાની શરૂઆત કરી. પ્રભુની બાવની પૂરી થઈ અને માની બાવની ગાવાની શરૂ કરી ત્યાં જ કોઈ ઓફિસરે આવી અમારી આગળની લાઈનનો પટ્ટો ખોલી નાખ્યો એટલે અમારી લાઈન વાળા સૌ આગળ ધસીને નવા કાઉન્ટર ઉપર જવા માંડ્યાં. અમારી આગળ તો લગભગ ૧૫૦ થી ૨૦૦ માણસો હતા પરંતુ નવી લાઈનમાં અમારી આગળ ફક્ત સાત જ માણસો હતા એટલે અમારો નંબર માત્ર વીસ મિનિટમાં જ આવી ગયો અને ઈમિગ્રેશનની કાર્યવાહી પતાવી સીધા પ્લેન ઉપડવાના ગેઈટ પાસે પહોંચી ગયા, તો ત્યાં પ્લેનમાં પેસેન્જરો

લેવાની શરૂઆત થઈ ગઈ હતી. પૂ.માએ અમારી અદ્ભુત રક્ષા કરી. જો અમે ૨૦૦ માણસો વાળી લાઈનમાં જ હોત તો જરૂર પ્લેન ચૂકી ગયા હોત. આમ આપણે જ્યાં પણ હોઈએ ત્યાં પૂ.મા પ્રત્યક્ષ હાજર ન હોઈ તો પણ મા–પ્રભુને યાદ કરતાં જ તેઓ જાણે છુપાઈને આપણી પડખે ઊભા રહી જાય અને આપણી બધી જ મુશ્કેલીઓ, મુંઝવણો દૂર કરે એટલે સમજવું કે પ્રાર્થના સંભળાઈ છે. પૂ.મા–પ્રભુની બાવનીની શક્તિના તો ઘણા અનુભવો થયા છે, જે દરેક વખતે આપણી શ્રદ્ધામાં વધારો કરતા જ જાય છે.

હે મા–પ્રભુ! અમને આવી જ રીતે આપની નજીક ને ખૂબ નજીક લાવતા રહેજો જેથી સંસારના બીજા બધાં જ બંધનો અને વળગણો છૂટી જાય.

**પૂ.શ્રી માના ચરણોમાં કોટી કોટી પ્રણામ.**

**જય કૃપાળુ મા.**

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭



# 2016 Phoolwadi

**Hitesh Lad,** Canada

Jai Krupalu Maa!!

I bow down to Shri Yogeshwar Bhagwan. I bow down to Shri Maa Sarveshwari, Divine Mother of the Universe. I bow down to Shri Shiridi Sai Baba.

The Fulwadi Program at Swargarohan that Pujya Maa organized from Dec 23-Dec 28, 2017 has been truly life transforming for both myself and my family.

I can say with confidence that coming to India during the Christmas Holidays was an impossibility for myself, my wife Mita and my two children, Darshan (10) and Prasad (8). However, when Pujya Maa wills, the impossible becomes possible.

When Viren and Ishan Kher of NJ had asked Pujya Maa last year if there could be a Fulwadi program in India, Pujya Maa immediately recognized the amazing idea they put forth and subsequently, Pujya Maa invited all the North America Fulwadi Families to come to Swargarohan during Christmas. We were all over-joyed to hear this! However, doubts soon

began to assail many of us. Christmas is the most difficult time to get holidays. How could we get the time off? What about the cost of the trip? December is the most expensive time of the year to fly. How will our children, who have never been to India, cope with the change? What about our children's health? How will they deal with their allergies? How would the Fulwadi be organized? What would the arrangements for food and accommodation be and would they meet our needs? Would the children get bored and want to come back? All these types of questions and doubts entered our minds.

But alas! Looking back at everything, we can now see how Pujya Maa heard all of our prayers and concerns! In Her charming way and motherly concern, she resolved all of our issues by making all of our problems vanish one by one!

One can say that Pujya Maa went to extra-ordinary lengths to plan the Fulwadi. She single handily arranged for our comfort and well-being. Look at the things Pujya Maa did for us!

1) All of us got to stay comfortably in Swargarohan, in our own private rooms!

2) Brand new bed sheets, blankets and covers were given to us!



3) Hot water was supplied to us every morning for 2 hours!

4) Tasty, mouth-watering meals and menus were planned everyday ranging from Chat Papadi, Panjabi Food, Bhel, Channa Baturia etc... It felt like we were eating in a 5 star restaurant!

5) Fun and exciting activates were planned for each day. It can be said that Pujya Maa celebrated a years' worth of festivals in one week ranging from Kite Flying, Ragoli, Matki Fod, Lanterns, and Comment P41.11: Fireworks!

6) Pujya Maa modified the schedule to allow families to rest and have ample free time.

7) Pujya Maa arranged for Hemalbhai's crew of 3 professional camera men to video tape and capture the whole Fulwadi so that we did not have to worry about taking any video or pictures!

8) Pujya Maa gave darshan twice a day and sometimes even more!

9) Pujya Maa remained present for all of the functions so that the children would not be disappointed.

10) 6 SatKarmas were designed by Pujya Maa to specifically benefit both the children and parents. Organization of the SatKarma's was superb and allowed children and parents to get maximum benefit.

11) A Sleeper coach, complete with blankets were arranged for the surprise trip to karpurvan.

12) Hospitality received in karpurvan was second to none. Organization was so well planned! Each family was assigned to a local home in karpurvan so they could have a bath and get ready.

13) A sumptuous meal was served In karpurvan followed by a grand tour of Kali Mandir (Pujya Maa's childhood residence)

14) A tractor ride was arranged to take us to Pujya Maa's childhood school and also Pujya Maa's father's tree farm.

15) Throughout out the whole Shibir, Pujya Maa showered us with so much Prasad that it could fill an entire suitcase! Such is the Divine love of Pujya Maa!

On the last day of the Fulwadi, Pujya Maa gave each of us a shawl for protection. She told us to keep wearing it and not to take it off until



we reached back home. There were countless miracles from devotees who experienced special protection because of the Shawl.

**Miracle in Jeddah Airport in Saudi Arabia**

When we were at the airport in Jeddah, Saudi Arabia, we were waiting for our connecting flight. This airport had very poor facilities and the staff do not treat people with respect nor do they share any information. I was worried about the line up to board the plane and no information was being displayed about which gate we would have to eventually go to. 45 min before our departure, suddenly, one of the airport workers shared with me information about our flight. He told me that the Toronto Flight would be leaving out of Gate 7. He said that the Computer Monitors would be updated in 10 minutes and that I had better get a head start. We quickly found gate 7 and were so lucky to be one of the first to stand in line! Within a short time, the queue so long that it stretched all the way to the back of the airport! We did not have to wait that long and were one of the first people to board the plane! Such is the grace and Krupa of Pujya Maa!

I would say that the biggest benefit we received was that our children, Darshan and Prasad loved Swargarohan and India so much that they asked if we could go every year!

Pujya Maa, pranam, pranam, pranam! Thank you Pujya Maa for inviting us to India!

Thank you Pujya Maa for inspiring our children to cultivate love for Swargarohan and India!

Thank you Pujya Maa for inspiring our children to cultivate love for doing prathna, attending satsang and doing good works! Thank you Pujya Maa for organizing this Fulwadi with such motherly love and care that we experienced no discomfort!

Thank you Pujya Maa for making us feel so welcome and special!

Thank you Pujya Maa for making this trip a life-long memory!

Glory be unto you Mother! Victory be unto you Mother!



# Peace & calmness at Swargarohan

**Neelaben,** Toronto

Jai Krupalu Maa, Maa ne pranam.

When we arrived at Swarngarohan this year, I felt as we arrived home after a long journey. The feeling of peace and calmness surrounded me.

As we prepared to come to India, no one really knew what the plan or schedule was going to be for our time in Swarngarohan. We all gave suggestions as to what we could do with the kids so that Pujya Maa did not feel the need to entertain us the whole time we were there. Little did we know that Pujya Maa went to great lengths to ensure that this was going to be an extra special, unforgettable yatra for all the fulvadi children and their parents'.

Each day started with dhyan at 7:30 am and bavani, prarthana and pranams followed. Each and every one of us had the opportunity to do 11 pranams with Pujya Maa daily. From that point on, throughout the day, it was a whirl wind of activities with Pujya Maa everyday. It was completely unexpected!

It seemed as though Pujya Maa packed in a years worth of festivities into 5 days! All in the presence of Pujya Maa.

Everyday there was also some form of satkarma. With all of the piggy bank donations from the North American fulvadi children, we were able to help approximately 150 school aged children and a number of women who travel from town to town carrying wood on their head. To see the excitement in these children's eyes was priceless. For them it must have felt like Diwali. Some of them could not wait to look into their new backpacks and discover all the items that they just received. You could see the excitement in our children as well as they all wanted to be a part of the satkarma and this noble act of giving. What an honor! As a parent, it was important to me, for Nauka to see how little some of these children survive with. I explained to her, what life is like for these children. None of the school children had shoes or slippers. Some of them were missing buttons on their shirt. Most of not all of them, lived in homes with no running water or electricity. It was important to me for her to see that with the money she saved in her piggy banks, she was



able to help so many kids and that having the latest toy or electronic gadget, was really not that important.

What an honor it was to be able to give to these children!

Everyday our children had the opportunity to perform their talent in front of Pujya Maa. There were group nataks, some children danced, some sang, some came with their instruments all the way from abroad. Each performance was as unique as the child themselves. Each performance brought tears to my eyes as I know how much effort each child had put in to creating and practicing their item for Pujya Maa. All the performances were filled with love, a devotion for Pujya Maa and Prubhuji. I thought to myself, our children are so blessed to be born and raised in Pujya Maa's presence.

I feel very lucky and blessed to have been a part of these activities in Swarngarohan. I feel as though each child enjoyed themselves and enjoyed spending time with Pujya Maa and all of the fulvadi families.

I hope that all of our children remember everything they did in Sawarngarohan and continue giving back to communities around the

world. It is my wish that these children grow-up together and be able to learn from each other and help each other in time of need.

Pujya Maa, thank you for making this a memorable event in our lives as well as in our children. Pujya Maa, you have lit a diya inside of each and every one of us. Thank you for helping us raise our children to be accepting, forgiving, loving and giving spiritual souls. Without Pujya Maa and Prabhu's guidance, we would be lost souls in a very big destructive world. I may not be able to save the world, but I feel that may be, I can be the support for Nauka so that she can make a difference in this world.

Please continue to bring us back to Swarngarohan and keep these budding flowers blooming. Jai krupalu Maa,

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# મસૂરીના બાળકો અને શિક્ષકોના પ્રતિભાવ

પ્રદીપ રાવત અને રીનાબેન

Letters from School Children of Mahatma Yoheshwarji Saraswati Shishu Vidya Mandir (Mussoourie ) after their visit to Swargarohan

School children of Mussourie wanted to come for darshan of Pujya Maa and Swargarohan since last two years. Their prayers were answered and a stay was organized in Swargarohan from 16.1.2017 to 19.1.2017 for the students of higher secondary grade. Despite their limited personal interaction with Pujya Maa and first trip to Swargarohan, the students immediately felt a pious and spiritual contect with Pujya Maa and the activities done in Swargarohan.

They have wonderfully expressed their experience. Extracts are provided herein:

**१. मैं बहुत सौभाग्यशाली हू कि मुझे आपके साक्षात दर्शन हुए तथा स्वर्गारोहण जैसी पावन भूमि में प्रवेश करने का अवसर प्राप्त हुआ। स्वर्गारोहण की शांती तथा स्वच्छता तथा वहाँ का आचरण देखकर मुझे स्वर्ग जैसा अनुभव प्राप्त हुआ। हम वहाँ प्रतिदिन ५.०० बजे स्नान करके महात्मा योगेश्वर जी के स्मृति चिन्ह में शीश झुकाते थे तो हमें ऐसे प्रतीत हुआ के हमे ईश्वर के साक्षात् दर्शन हुए।**

सत्कर्म के समय गरीब लोगों को अपने हाथो से दान देते हुए मन को खुशी प्राप्त हुई। हमने आश्रम में शांति से तप करना, भोजन के समय मौन रहना तथा वंदना के समय योगेश्वर जी के ध्यान में लिप्त रहना सीखा।

यात्राएं तो हमने कई सारी की परंतू स्वर्गारोहण जैसी यात्रा का अनुभव हमे कही नहीं प्राप्त हुआ।

—प्रदीप रावत

२. में सौभाग्यशाली हूँ की मुझे स्वर्गारोहन जैसी पावन भूमि पर आने का अवसर प्राप्त हुआ। आश्रम के शांतिपूर्ण वातावरण ने मेरा मन मोह लिया। स्वर्गारोहण की शांति तथा स्वछता देखकर मुझे स्वर्ग जैसा आनंद हुआ। आपके दर्शन के समय आपके मुख तेज देखकर ईश्वर प्राप्ति अनुभूति हुई।

—अमन सोमवाल

३. जब में शिशु मंदिर मे पढा करती थी माँ मे आपको तबसे प्यार करती हूँ और आपकी बहुत बडी भक्त हूँ। अब में शिशु मंदिर में पढाती हु।

माँ आप बहुत प्यारे हो। आपकी मुस्कान बहूत प्यारी है। आपकी मुस्कान देखकर सारे दुःख भूल जाती हूँ। माँ आपने सब बच्चो का बहुत ध्यान रखा। जल्दी उठना, स्नान करना, एक साथ सुन्दर महात्मा योगेश्वरजी के विचारो को सुनना, गरीबों को आपकी कृपा से दान देकर उनका आशीष पाना। हर एक घंटे महात्माजी की स्तुति सुनते थे ''ॐ नमो भगवते योगेश्वराय'', जिससे ये ज्ञान करते है के किस प्रकार हमारे लिए समय महत्त्वपूर्ण है।

हमारे जीवन हर एक घंटा कम हो रहा है, ये मंत्रगान याद दिलाता कि हर समय में अच्छे कर्म करना। वहाँ से आने का



बिलकुल मन नहीं था। माँ हम जब स्वर्गारोहण से वापस आए तो सारे बच्चे बहुत रोये है।

माँ मे यहाँ आपके भक्तोकी तरह हर घंटे नमस्ते करती हूँ। हमेशा हमें अच्छा मार्ग दिखाना।

—रीना

४. सर्व प्रथम माँ आपको कोटि कोटि धन्यवाद। हम बहुत सौभाग्यशाली है के हम जिस विद्यालय में शिक्षा ग्रहण करते है उस पर स्वयं पूज्य महात्मा योगेश्वरजी का हाथ है और इसी कारण आपसे मिल पाए।

आपके द्वारा दिए गए प्रासाद और आशीर्वाद के लिए बहुत बहुत धन्यवाद और अब आपके द्वारा दिए गए लक्ष्य नब्बे परसेंट अंक लाना भी आपकी कृपा से ही पूरा होगा।

—काजल

५. माँ वास्तव में आप अंतर्यामी हो, आपने मेरे मन की बात जान ली। मुझे बिलकुल भी उम्मीद नहीं थी के में अपनी माँ से मिल सकुंगी। लेकिन जब आपने मुझे सन्देश भेजा तो में बहुत खुश हो गयी के आपने मेरे मन की बात कैसे जान ली।

—मोनिका नागपाल

६. प्रभु के इस पावन धाम में जो देखा अनुभव किया मेरे लिए अकल्पनीय एवंम अद्‌भुत था।

पूज्य माँ के सान्निध्य मे जो यहाँ सत्कर्म कार्य हुआ इस प्रकार का कार्य जीवन में पहली बार देखा। हमारे द्वारा आपके कार्यो के लिए वर्णित शब्द मात्र सूर्य के सामने दीपक जलाने के बराबर ही हो सकता है।

—रमेशचंद्र दिमरी

☐ Our Swargarohan is really a heaven. There I got all my peace of mind and happiness. While coming back I was really sad. I didn't want to come but I came back only to be returned to swargarohan.

–Ankita Rawat, Sonika Rawat,Neelam Negi

☐ Since I reached back to Mussoorie, I am continuously thinking about you and Swargarohan. I am feeling in the deepness of my heart that I met the God. I have seen the God. I can say so whenever the world would ask "Who has seen the God?".

Before I didn't know much about you and Swargarohan but on reaching there I realized that if there is any heaven exisiting called the home of God on the Earth that is only our Swargarohan. Maa there are only two months remaining for my Inter Board exams. I can say my future will be bright because I am studying in that school which is made by our "Prabhuji" and being run by Godess. So the future of all the students in such -Tirtha" is automatically bright.

Thank you Maa for such a good school and education.

–Gaurav Kumar

I came to Gujarat with my mother for



travelling purpose only and I was not aware that we will stay in your ashram, but as soon as I came to know, I was overwhemled because that day only I saw "Satkarma" done by you without any publicity.

While I was returning I had thought that once I will be successful I will surely come to you and serve under your guidance.

–Shivam Bangwal

## ★ ગ્રાહકોને ખાસ સૂચના ★

અધ્યાત્મનો અંક ન મળ્યો હોય કે સરનામામાં ફેરફાર હોય તો તેની જાણ ડૉ.આશિષ ગોહિલને તેમના ફોન, સરનામા કે મોબાઈલ નંબર પર કરી શકાય. કારણ કે અધ્યાત્મના ગ્રાહકોનાં સરનામાં, તેમજ અંકોની રવાનગીનું કામ તેઓ સંભાળે છે. નીચેના સરનામે જાણ કરવી:–

‘સર્વમંગલ’, પ્લોટ નં.૨૫૪, રસ્તા નં–૫, વિજયરાજનગર, ભાવનગર–૩૬૪૦૦૨.

ફોન : ૯૪૨૮૨૨૨૩૫૭.

E.mail : dr.ashishgohil@gmail.com

–તંત્રી

# માનવતાની મહેક

—તરલાબહેન દેસાઈ

માત્ર સ્વાર્થી હેતુની પરિપૂર્તિ માટે નહીં પણ સર્જનહારે બક્ષેલી વિશેષતાથી સ્નેહ—સંવાદિતા—સખ્યનું વાતાવરણ સર્જવાની લગન હોય અને પોતાની અંતઃક્ષમતા ઉજાગર કરવાનો પૂર્ણ પુરુષાર્થ હોય તો સમાજના દરેક ક્ષેત્રે માનવતા મહેકી ઊઠે છે. પછી એ વિજ્ઞાન હોય, કલા હોય કે વાણિજ્ય હોય. આવા યોગ કર્મસુ કુશલઃની વ્યાખ્યા ચરિતાર્થ કરતા ડૉ. જ્યોતીન્દ્ર ભટ્ટ અમદાવાદનું ગૌરવ છે.

એમ.ડી. ફિઝિશિયન—હૃદયરોગના આ નિષ્ણાતમાં તબીબી વિજ્ઞાનનું કૌશલ, અદ્યતનમાં અદ્યતન દવાઓની જાણકારી અને દર્દીઓના દર્દનિદાન માટેની સ્પષ્ટ સમજણ—આ ત્રણેનો સમન્વય છે. સાથે જ પ્રત્યેક દર્દી સાથે અત્યંત આભિજાત્યપૂર્ણ વ્યવહાર, જે જાતિ, ધર્મ વર્ણના ભેદોથી રહિત છે. તબીબી વિજ્ઞાનનાં નવાં—નવાં સંશોધનોથી તે સતત માહિતગાર રહે છે. એટલું જ નહીં, સાહિત્ય, રાજકારણ, અધ્યાત્મ, સ્પૉર્ટ્સ ને લગતાં અનેક પુસ્તકો—મેગેઝીન્સ અને હવે તો ગૂગલના સંપર્કમાં રહે છે, જેથી તેમની બહુપરિમાણિ વ્યક્તિતા તેમના વર્તન—વાણી—વ્યવહારને જીવંતતા—અધિક સંવેદનશીલતા બક્ષે છે. તેમના દર્દીઓ કહે છે, 'ડૉ. ભટ્ટની મધુર વાણીથી જ અમારું અરધું દર્દ ઓછું થઈ જાય છે.' તબીબી જગતમાં કેટલાય રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય પરિસંવાદો—પ્રવચનોના અગ્રેસર આયોજક બની વિશ્વના અનેક નિષ્ણાતોને શહેરમાં નિમંત્રી પોતાના તેમ જ પોતાના સાથી ડૉક્ટરોના જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારવા વર્ષો સક્રિય રહ્યા છે.



આજે સ્વાસ્થ્યનાં ક્ષેત્રમાં વિશ્વભરમાં એલોપથીનું પ્રભુત્વ છે. એને અનુમોદન આપતાં ડૉ. ભટ્ટ કહે છે, 'આ પદ્ધતિ દવાઓ દ્વારા રોગનાં લક્ષણોમાંથી તરત રાહત આપે છે. તો એનો ઉપચાર માટે ઉપ—યોગ કેમ ના કરવો? હા, એની કેટલીક આડઅસરો હોય છે પણ એનાથી દર્દીઓને વાકેફ કરાય છે. બી.પી. ડાયાબિટીસ, રક્તવાહિનીઓની સ્થગિતતા—આ સર્વનું નિયમન કરી, શરીરના બીજા અવયવોને નુકશાન થતું તે અટકાવી જ શકે છે. હું એલોપથીને 'મોડર્ન સાયન્સ' તરીકે ઓળખાવું છું. એલોપથીની બધી જ પ્રૉડક્ટ્સ ઘણી બધી પ્રક્રિયાઓમાંથી પસાર કર્યા પછી, પ્રાણીઓ પર પ્રયોગો કર્યા પછી જ બજારમાં મૂકવામાં આવે છે. એ દવાઓનાં ઘટક તત્ત્વો ક્યાં ક્યાં છે, ક્યા રોગમાં એનું કેટલું પ્રમાણ રાખવું જોઈએ એ સર્વ પારદર્શક રજૂઆત એની સ્ટ્રીપ પર હોય છે. અને છતાં કોઈ દવા સ્વાસ્થ્ય માટે ખતરારૂપ નીવડે તો તે દવા પાછી ખેંચી લેવા કાયદો ફરજ પણ પાડે છે. અલબત્ત એલોપથીની સારવાર સાથે દર્દીએ પૌષ્ટિક ખોરાક, હળવી કસરત તેમ જ પૂરતી નિદ્રાની ચોકસાઈ રાખી, તળેલા—ચરબીભરપૂર—બજારું, જંકફૂડથી તેમ જ ધ્રૂમ્રપાન—શરાબ જેવા વ્યસનોથી સમજણપૂર્વક દૂર રહેવું જ રહ્યું.'

આજના મોટા ભાગની આરોગ્યની સમસ્યાઓ બેઠાડુ, આરામપ્રિય—જીવન પરિશ્રમના અભાવે ઊભી થાય છે એટલે દર્દીઓએ પોતાની જીવનશૈલીમાં ફેરફાર કરવો જ પડે. સાથે જ શરીરની જે વંશપરંપરાગત મર્યાદાઓ છે તેને સ્વીકારીને તેની સાથે સમજણભર્યો સહયોગ દવાઓ સાથે કરીને પ્રસન્ન—શાન્ત રહેવાની જરૂર છે. નહીંતર એકનો ઉદ્વેગ, અસ્વસ્થતા આખા પરિવાર માટે અશાંતિ અજંપાજનક બની રહેશે; જે બધાં રોગોનું મૂળ છે. જેનું તન તંદુરસ્ત એનું મને તંદુરસ્ત અને તે પ્રસન્ન તો બધાં પ્રસન્ન.

આમ, એક ડૉક્ટર જે દર્દીને કમાણીના માધ્યમ તરીકે ન જોતાં, એની સાથે માનવીય સંવેદનાથી સંકળાય છે અને એના દર્દની સારવાર કરતાં એનામાં રહેલા માનવ્યની પણ પૂરી દરકાર કરવાનું ચૂકતા નથી. દર્દી જે ફી ચૂકવે છે તેના બદલામાં તેને યોગ્ય માર્ગદર્શન—સાચી સલાહ આપી, અનિવાર્ય એવો સારવારનો ઉપાય (દવા—ઇંજેક્શન—ઑપરેશન) સૂચવી એને શારીરિક પીડામાંથી મુક્ત કરી, ખોટી ચિંતાઓથી મુક્ત કરી, વાસ્તવિકતાથી જ્ઞાત કરી, શરીર—મનના આરોગ્યની સાથે ભીતરની શાંતિની સાચી દિશા ચીંધે છે જે સમાજ માટે સાચે જ દેવદૂતની ગરજ સારે છે. પોતે ઉત્તમમાં ઉત્તમ સારવાર કરવામાં કચાશ નહીં દાખવે પણ પરિણામ તો ઉપરવાળાના જ હાથમાં છે; એવું સ્વીકારવાની વિનમ્રતા એમનામાં સહજ છે.

તેઓશ્રી સ્પષ્ટ કહે છે કે, 'મોટા ભાગનાં દર્દો જેવા કે માથા—પગ કે કમરના દુઃખાવાથી, સાધારણ તાવથી, કે બે—ચાર ઝાડા—ઊલટીથી ગભરાઈ ડૉક્ટર પાસે દોડી જવા કરતાં કે એન્ટિબાયોટિક દવા જાતે જ લઈ લેવાની ગફલત કરવા કરતાં થોડીક ધીરજ ધરી પ્રકૃતિને એના સહજ ક્રમમાં કાર્ય કરવા દેવી જોઈએ. શરીરમાં પ્રવેશતા અવાંછિત પદાર્થોને બહાર કાઢવાની પ્રાકૃતિક પ્રક્રિયાને અવકાશ આપવા બે—ત્રણ દિવસ શાંત રહેવાની સહનશક્તિ કેળવવી જોઈએ કેમકે, પ્રકૃતિ પાસે અકલ્પ્ય Healing Power છે.'

છેલ્લા પચાસ વર્ષથી પ્રેકટિસ કરતા આ ડૉક્ટરનો સ્ટાફ એનો એ જ રહ્યો છે. એમના આખા પરિવારોને સર્વપ્રકારે સહાય કરતા રહી, એમની સાથે એવો ઉમદા માનવ્યવહાર રાખે છે કે, દર વર્ષે પોતાને ઘરે પોતાના ડાઈનિંગ ટેબલ પર તેમની સાથે સહભોજન માટે નિમંત્રી નાની—મોટી ભેટોથી તેમને



નવાજે છે. એમનાં સંતાનો માટે ઉચ્ચ શિક્ષણની જોગવાઈ કે વિદેશ વધુ અભ્યાસ માટેની જોગવાઈ પણ એ હૃદયપૂર્વક કરે છે. સ્ટાફના દરેક સભ્યને પોતાની માલિકીના ઘર તેમ જ તમામ ઘરવખરીથી, આધુનિક સગવડોથી સજાવી આપ્યાં છે.

ન્યાયાધીશ પિતા—અત્યંત પ્રેમાળ માતા અને પાંચ બહેનો તેમ જ બહોળા, મિત્રવર્તુળના સ્નેહનું ભાજન બનેલ આ ડૉક્ટર આદર્શ પુત્ર, આદર્શ ભાઈ અને આદર્શ મિત્ર છે. આખી તબીબઆલમ માટે આદર્શ ડૉક્ટર રૂપ છે.

આ ડૉક્ટરને એક જ ધૂન છે : 'શિવદર્શનની ઝંખના ન કરતાં, સ્વયંના શિવત્વને સિદ્ધ કરવાની.'

જેની પ્રત્યેક સવાર 'મોંકો કહાં ઢૂંઢે બંદે મૈં તો તુજમેં' ના સી.ડી. શ્રવણથી થાય છે એ ડૉ. ભટ્ટ માટે કબીરજીના શબ્દો 'ઈશ્વર બહાર નથી, મારી અંદર જ છે'ની આત્મપ્રતીતિમાં રૂપાંતરિત થઈ ગયા છે, પરિણામે દિવ્યતા—અલૌકિકતામાં રાચવાને બદલે એમનું ગરીમાયુક્ત માનવીય જીવન અસ્તિત્વમૂલક સત્ત્વના આનંદનો પર્યાય બન્યું.

એની પ્રસન્નતાનો પ્રસાર એમની આજુબાજુના, સર્વ સંબંધોમાં એવો થયો કે, માનવતા જાણે મહેકી ઊઠી.—આ ગરીમાપૂર્ણ માનવ્યને શતશઃ વંદન !

તા.ક તા.૨૦ માર્ચ ૨૦૧૭ના રોજ 'સ્વર્ગારોહણ'માં યોજાયેલ 'પુસ્તક સમર્પણ સમારોહ' નિમિત્તે પધારેલ આ ડૉક્ટરની માનવતાની મહેક, એમના વ્યાખ્યાનમાં પરમ પૂજ્ય 'મા'એ પહેચાની લીધી અને મને એ ખૂશ્બુ આ એક લેખરૂપે પ્રસારવા પ્રેમભર્યો અનુરોધ કર્યો એનું આ ફળ! અર્થાત્

**'આ રોનક—રોશની જે જુઓ છો એ મકાનની નથી**
**એનો થયો મુકામ તો બધું ઝળહળ છે.'**

# "અમારી ભારતયાત્રા"

–જિજ્ઞા બેન

અમારી ભારતયાત્રા તા.૧૭/૧૨/૨૦૧૬ થી શરૂ થઈ. યાત્રા બે ભાગમાં વહેંચવામાં આવી હતી. પ્રથમ ભાગમાં તા.૧૭/૧૨/૨૦૧૬ થી. તા.૨૨/૧૨/૨૦૧૬ સુધી ઉત્તર ભારતની યાત્રા. જેમાં પ્રભુજીના સાધના સ્થાનોની દર્શન યાત્રા. આ સ્થાનોમાં હરિદ્વાર, ઋષિકેશ દેવપ્રયાગ અને મસૂરીનો સમાવેશ કરવામાં આવ્યો.

વિદેશમાં વસતા પૂ.માની ફૂલવાડીના બાળકો માટે આવો આ પહેલો જ અનુભવ હતો. જે ફક્ત અને ફક્ત પૂ.માના સંકલ્પથી જ સિદ્ધ થઈ રહ્યો હતો. ગયા વરસે અમેરિકાની ફૂલવાડીના બે બાળકો ભાઈ વિરેન અને ભાઈ ઈશાન પૂ.મા પાસે સ્વર્ગારોહણ આવ્યા હતા. અહીંયા રહ્યા પછી તેમને એવો વિચાર આવ્યો કે વિદેશમાં વસતા ફૂલવાડીના બીજા બાળકોને પણ અહીં આવવાનો અવસર મળે તો કેવું. બાળમાનસમાં સહજ ઊભી થયેલી આ સાત્ત્વિક ઈચ્છા ને પૂ.મા એ વધાવી લીધી. વિચારવા યોગ્ય બાબત છે કે જ્યારે એક પરિવારની બધી વ્યક્તિઓ પણ એક ચોક્કસ તારીખો માટે અનુકૂળતા નથી કરી શકતી તો આ તો આખા ફૂલવાડી પરિવારની અનુકૂળતાની વાત. આટલા બધા લોકો એક ચોક્કસ સમય માટે રજા લઈને ભારત યાત્રા કરી શકે તે ચમત્કાર નહીં તો બીજું શું કહેવાય.

ઉત્તરભારતની યાત્રામાં ફૂલવાડીના આઠ વરસથી ઉપરના બાળકોએ ભાગ લીધો. આઠ વરસથી નીચેના બાળકો સ્વર્ગારોહણમાં જોડાશે તેવી યોજના થઈ.



તા.૧૭–૧૨–૨૦૧૬ના રોજ ભારત તેમજ વિદેશથી ફૂલવાડીના બાળકો હરિદ્વાર પહોંચી ગયા. તા.૧૮–૧૨–૨૦૧૬ થી ફૂલવાડીની યાત્રાનો પ્રારંભ થયો. પૂજ્ય પ્રભુજીના સાધના સ્થાનો પર જવા માટેની યાત્રાની શરૂઆત તો દિવ્ય ગંગાજીના દર્શનથી જ થાય ને!

સ્નેલભાઈ ખાસ વડોદરાથી ગંગાપૂજન માટે આવ્યા હતા. સ્નેહલભાઈએ બાળકોને સમજાવ્યું કે ગંગાજીનો સ્પર્શ કરતા પહેલાં તેમની ક્ષમા યાચના કરવી પડે. સ્નેહલભાઈએ બધા બાળકોને વિસ્તારથી ગંગાજીનો મહિમા, ગંગાપૂજનનું મહાત્મ્ય સમજાવ્યા. ગંગાજીનું શાસ્ત્રોક્ત વિધિપૂર્વક પૂજન કરવામાં આવ્યું.

ગંગામૈયાને અર્ધ્ય આવ્યો તો જાણે ગંગામૈયા પણ બાળકોના નિર્દોષ પ્રેમને વધાવી રહ્યા હોય તેમ બધાના પગને વીંટળાઈ વળ્યા. સવારે ગંગામૈયાના પૂજન બાદ સાંજે હર કિ પૌડિ પર જઈ ગંગામૈયાની આરતીના દર્શન કર્યા.

ગંગામૈયાના દર્શન સાથે અમે રંગ અવધૂત મહારાજના સમાધિ સ્થળના પણ દર્શન કર્યા.

તા.૧૯–૧૨–૨૦૧૬ના રોજ અમારી બસ મસૂરીના રસ્તે દોડી રહી હતી. મસૂરીમાં શ્રી યોગેશ્વર સરસ્વતી શીશુ વિદ્યામંદિરના પ્રાંગણમાં જ્યારે અમે ગયા ત્યારે અમારા ઉત્સાહનો પાર ન હતો. આપણા પ્રભુજીએ શરૂ કરેલી આ સંસ્થા હવે વિશાળ વટવૃક્ષ બની રહી છે તે જાણીને ઘણો આનંદ થયો. ત્યાં ઉપસ્થિત થયેલા પ્રાધ્યાપક અને બીજા કારોબારી સમિતિના મહાનુભાવો પાસેથી શ્રી યોગેશ્વર પ્રભુની ઘણી બધી

વાતો સાંભળવા મળી. પૂજ્ય મા પણ આ સંસ્થા સાથે કેવાં સંકળાયેલા છે તે વિશે પણ જાણ્યું. શાળાના પરિસરમાં આપણા મા–પ્રભુનું સ્વરૂપ જાણે અમને કહી રહ્યું હતું કે જુઓ ગુજરાત થી આટલે દૂર પણ આપણો યોગેશ્વર પરિવાર વસે છે!

મસૂરીની સુંદર યાદોને સાથે લઈ અમે દેવપ્રયાગ તરફ પ્રયાણ કર્યું. દેવપ્રયાગ એટલે દેવભૂમિ. આ એ ભૂમિ છે જ્યાં પવિત્ર ભાગીરથી અને પવિત્ર અલકનંદાનો સમન્વય થાય છે. સંગમ થાય છે. આ એ જ દેવપ્રયાગ છે જેણે પ્રભુને સાધના કરવા અનુકૂળ સ્થાન આપ્યું. એ પછી શાંતાશ્રમની કૂટિયા હોય કે દશરથપર્વત.

દેવપ્રયાગ પહોંચ્યા પછી સવારે અમે શાંતા નદીની પાસે આવેલા શાંતાશ્રમના દર્શને જવા નીકળ્યા. શાંતાશ્રમ જતી વખતે આખા રસ્તે પ્રભુના સાધાનાત્મક કાળનું જ સ્મરણ થતું રહ્યું. શાંતાશ્રમ પહોંચી બધાએ બાવની, ધ્યાન અને પ્રણામ કર્યા. શાંતાશ્રમની ધરતી, તેની આજુબાજુના વૃક્ષો, શાંતા નદી આ બધા સાક્ષી છે પ્રભુજીની સાધનાના. આકરા તપ, સતત ચાલતા ઉપવાસો ધ્યાનમાં વિતાવેલી અગણિત ક્ષણો આ બધુ પ્રભુજી એ શાંતાશ્રમમાં રહીને જ કરેલું છે. એમની સાધનાનો ઈતિહાસ જાણે અહિંયા સુવર્ણ અક્ષરે અંકિત થયેલો છે. પ્રકાશના પંથેમાં જે શાંતાશ્રમનું વર્ણન આવે છે તે જ શાંતાશ્રમની ધરતી ને સ્પર્શવાનું, જોવાનું સૌભાગ્ય અમને પુ.પ્રભુ અને પુ.માની કૃપાથી જ પ્રાપ્ત થયું છે.

શાંતાશ્રમની દિવ્ય સ્મૃતિઓને સાથે લઈને અમે ઋષિકેશ પહોંચ્યા. ઋષિકેશમાં અમે મળ્યા શિવમભાઈને. આજના



પાશ્ચાત્ય શિક્ષણના અજવાળા હેઠળ જગમગતા આ દેશમાં હજુ પણ સાચા જ્ઞાનનો પ્રસાર કરવાની ઈચ્છા ધરાવતા લોકોમાં શિવમભાઈનો સમાવેશ કરી શકાય. એક સાત્ત્વિક ઈચ્છા કે બાળકો વેદાંતના શ્લોકો શુદ્ધ સંસ્કૃતમાં સાચી રીતે બોલી શકે. અને કોઈ બીજા પર આશા રાખ્યા વગર તેમણે પોતે જ થોડા વિદ્યાર્થીઓ સાથે આ ગુરુકુલની સ્થાપના કરી. પ્રાચીન સમયમાં જેમ ઋષિઓના ગુરુકુલ ચાલતા તેમ અહીં પણ કંઈ એવું જ દ્રશ્ય દેખાય. પવિત્ર ગંગા નદીના કિનારે ૩૦–૩૪ બાળકો સાથે શિવમભાઈ એ આ ગુરુકુળની સ્થાપના કરી. અહીંની વિશેષતા એ છે કે બાળકોને વૈદિક જ્ઞાન સાથે આજના જમાનાનું શિક્ષણ પણ અપાય છે. વેદાંત સાથે વ્યવહારિક જ્ઞાન.

પૂજ્ય મા તો હંમેશા વિશેષતા ને વંદન કરે છે અને આપણને પણ તેજ શીખવાડે છે. શિવમભાઈના શબ્દોમાં કહીએ તો “પૂજ્ય માના પીઠબળથી જ તેઓ આવું ભગીરથ કાર્ય પાર પાડી રહ્યા છે.”

જ્યાં પ્રભુની સાધના લીલાની શરૂઆત થઈ એ શીવાનંદ આશ્રમના દર્શન કર્યા.

પ્રભુજી મેનેજર તરીકે જ્યાં નિયુક્ત થયા હતા, તે દેવકીબાઈની ધર્મશાળાના પણ દર્શન કર્યા. ધર્મશાળા ૩ મકાન ૫૦–૬૦ વરસ પહેલા જેમ હતું તેમજ આજે પણ છે. જો કે મકાન ઘણું જર્જરિત અને જૂનું થઈ ગયું છે. ત્યાં હવે કોઈ રહેતું નથી. પણ આ મકાનનો પણ કેવો ભવ્ય ઈતિહાસ છે કે જ્યાં પ્રભુજીએ એક વરસ રહીને સાધના કરી. વળી ભરતમંદિર કે જ્યાં પણ પ્રભુજીએ નિવાસ કર્યો હતો તેના પણ દર્શન કર્યા–

ઉપરોક્ત બધા સ્થળો પ્રભુજી એ કરેલા કેટલાય દિવ્ય દર્શનોના સાક્ષી છે. પ્રભુને ધ્યાનમાં થતા અનુભવો ઉચ્ચ કોટિના મહાત્માઓના દર્શન એ બધું આ જ સ્થાનોમાં થયું છે.

યાત્રા હવે બીજા ચરણમાં પ્રવેશી રહી છે. જેમાં આપણી મંડળી હરિદ્વારથી દિલ્હી થઈને અમદાવાદ પહોંચી. યાત્રાના પહેલા ચરણના આયોજનની માહિતી બધા પાસે હતી. પણ હવે પછીની યાત્રાનું સંપૂર્ણ સંચાલન પૂ.મા જ કરવાના હતા.

અમારામાંથી ઘણા બધા પહેલી જ વાર સત્યપથથી પુનિત ધરાના દર્શન કરી રહ્યા હતા. પૂ.માના પાસપોર્ટ ઉપર કાયમી એડ્રેસ તરીકે સત્યપથનું જ એડ્રેસ છે તે જાણી બધા બાળકો રોમાંચિત થઈ ગયા. તો દમયંતીમાસી જેવા સત્સંગીઓને મળી જાણે નવી પ્રેરણા જાગી.

હવે યાત્રાની બસ ચાલવા માંડી સ્વર્ગારોહણ તરફ પૂજ્ય માના પ્રત્યક્ષ દર્શન થવાની ક્ષણો હવે બહુ નજીક આવી રહી હતી. પૂજ્ય મા કે જે આપણા જીવનનાં સંચાલક છે જેમને લીધે આ યાત્રા કે આવી ઘણી યાત્રાઓ શક્ય બને છે તેમનાં દર્શન કરવા મન ઉતાવળુ બન્યું હતું.

રંગબેરંગી લાઈટ્સ, રંગોળીથી સ્વર્ગારોહણ વિશેષ શોભી રહ્યું હતું. દરવાજેથી અંદર જતાં જ પ્રભુજી સામે હસતા ઊભા હતા. પૂછી રહ્યા હતા કે "શું શીખી આવ્યા તમે અમારી સાધનાભૂમિ ઉપર જઈને?"

સ્વર્ગારોહણના ચાર દિવસ તો જાણે જોતજોતામાં પસાર થઈ ગયા. પૂજ્ય મા સતતને સતત બાળકો સાથે, બાળકોને શું પ્રવૃત્તિ



કરાવવાથી માંડીને તેમના ભોજન સુધીની બધી વ્યવસ્થા પૂ.માની દોરવણી હેઠળ જ થઈ રહી હતી. પૂ.માએ ફુલવાડીના બાળકો રોજ ભારતનો એક તહેવાર ઉજવી શકે તેવી વ્યવસ્થા કરી હતી. વિદેશના બાળકોને કદાચ ભારતીય સંસ્કૃતિની આટલી સમજ ના હોય અને તેમને એવો મોકો પણ કદાચ ઓછો મળતો હોય.

પૂજ્ય માએ બાળકો પાસે સત્કર્મો પણ કરાવ્યાં. પૂજ્ય માનુ જીવન જાણે હરતું ફરતું સત્કર્મ છે. તેમનો દરેક શ્વાસ બીજાના કલ્યાણ માટે જ હોય છે. પણ આજના ભૌતિકવાદમાં ઉછરતાં બાળકોને સત્કર્મ એટલે શું તેની કદાચ કોઈ કલ્પના પણ ન હોય.

પૂ.માએ બાળકોને શીખવાડ્યું કે જે આપણી પાસે છે તેને, જેમની પાસે નથી તેમની સાથે વહેંચવાથી કેટલો આનંદ આવી શકે.

વળી આ સાથે બીજા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ થયા. વિદેશથી આવેલી ફુલવાડીના બાળકોએ પૂજ્ય મા સમક્ષ વિવિધ નાટકો કર્યા, નૃત્યો કર્યા, સુંદર પદો ગાયાં અને સંગીતના અલગ અલગ વાદ્યો પર સૂર રેલાવ્યા.

પૂજ્ય માએ એમના વિદેશ પ્રવાસોમાં રોપેલા આ ફુલવાડીરૂપી બીજ ને જાણે ભારત બોલાવી વધુ મજબૂત કર્યા.

આ સાથે સ્વર્ગારોહણ છોડવાનો દિવસ આવી ગયો. મોટાઓ તો ઠીક પણ બાળકોને પણ આ સ્થાનમાંથી જવું નહોતું. હજી ચાર દિવસ પહેલાં તો ઘણા બધા પહેલીવાર આ સ્થાનમાં આવ્યા હતા

અને ચાર દિવસમાં તો સ્વર્ગારોહણની માયા એટલી પાકી થઈ ગઈ કે તેને છોડવું બહુ જ આકરું લાગવા મંડ્યું.

પુજ્ય મા જેવો દિવ્ય પ્રેમ, આવુ વ્હાલ અને સંભાળ તો જગતમાં કોણ આપી શકે? સાથે સ્વર્ગારોહણમાં રહેલા બધા સત્સંગી ભાઈ–બહેનોનો પ્રેમભર્યો વ્યવહાર પણ આ જગ્યા છોડવાનું કઠિન બનાવી રહ્યા હતા.

તે છતાં જવું તો પડ્યું અને અમે રાતની સ્લીપર બસમાં કર્પૂરવન જવા નીકળ્યા. અમારી મુસાફરીમાં પણ પૂ.માની કેવી સંભાળ. દરેક યાત્રીને ઓઢવા માટે બ્લેન્કેટની વ્યવસ્થા પૂ.મા એ કરાવી.

સવારે અમે કર્પૂરવન પહોંચ્યા. ત્યાં આગળ બધો નિત્યક્રમ પરવારી કાલીમંદિર ગયા. આ કાલીમંદિરનું કેટલું ઋણ છે માનવ જાતિ પર! આ એ જ કાલીમંદિર છે જેમણે જગતને પૂજ્ય મા આપ્યાં. આ એ જ ધરતી છે જ્યાં પૂ.માએ બાળલીલાઓ કરી. યુવાવસ્થાએ પ્રભુપંથે જવાનો નિર્ણય પણ આજ ઘરમાં લીધો. પોયણુ પાંગર્યુની પૃષ્ઠ ભૂમિકા આ જ ધરતી પર રચાઈ. શ્રી સુશિલામાસીએ અમને બધાને કાલીમંદિર વિશે, પૂ.માના બાળપણ વિશે ઘણી વાતો કરી.

આ સાથે અમારી તા.૧૭–૧૨–૨૦૧૬ થી શરૂ થયેલી યાત્રા તા.૨૮–૧૨–૨૦૧૬ એ પૂરી થઈ રહી હતી.

ભૌતિક રીતે તો આ યાત્રા અહીં પૂરી થઈ રહી છે પણ આધ્યાત્મિક યાત્રા તો હજુ શરૂ કરવાની છે.



# પરદેશનાં ફૂલવાડીનાં બાળકો સાથે યાત્રા

**–તાપસ, યુ.એસ.એ.**

પૂ.શ્રી પ્રભુની તપોભૂમિ એટલે હિમાલય સાથે સૂરસરિ સરિતા ગંગાજીના વિવિધ રળિયામણા તટ પ્રદેશોનું દર્શન અદ્ભૂત અને અજોડ! અને એ રીતે આ યાત્રા યાદગાર બની રહી.

ઋષિમુનિની તપોભૂમિ હિમાલયની ભવ્યતા જોઈને મારી ભારતીયતા ઘુંટણીએ પડી વંદના કરી રહી. પૂ.શ્રીના તપશ્ચર્યાના પુનિત સાક્ષી સ્વરૂપ ધામોને જોઈને હું ગદ્ગદ્ બની ગયો. આપણી ભારતીય પ્રાચીન સંસ્કૃતિને વંદી રહ્યો.

મારી કિશોર અવસ્થામાં પૂ.મા પ્રભુ સાથે મારા માતા–પિતા સાથેની યાત્રાનું સ્મરણ સતત થતું. દિલ્હીથી શરૂ થયેલી આ યાત્રા હિમાલયની ગોદના એ પવિત્ર ધામો, ઋષિકેશ, દેવપ્રયાગ, હરિદ્વારમાં ભાગીરથી મૈયાની ઉછળકૂદ કે શાંત પ્રવાહ સાથેનો જળપ્રવાહ માણ્યો. કલ્પના કરી કે આ શીતળ શાંત પ્રદેશમાં નહીં જેવી ઓછી સગવડમાં પ્રભુની પરમ સાધના કેવી કઠણાઈ ભરી હતી કે જેમાં નથી ભોજન કે નથી પ્રકાશદીપ. રાત્રે હિંસક પ્રાણીનો બિહામણો અવાજ, ગંગાનો સતત ખળખળ વહેતો અવાજ!

કેવી પ્રભુમિલનની તાલાવેલી! ખરેખર યોગી તપસ્વી તે જ યોગેશ્વરજી! તપસ્વીમાંથી યોગેશ્વરજી બન્યા અને એક કેળવણીકાર બન્યા. મસૂરીમાં અભ્યાસુ બાળકો માટે કેળવણીની સંસ્થા ગાંધીનિવાસ સોસાયટી સંચાલિત વિદ્યામંદિરની સ્થાપના કરી અને એ વિદ્યામંદિર મહાત્મા યોગેશ્વર વિદ્યામંદિર નામથી વિકાસ પામી.

આપણાં ગુજરાતમાં અમદાવાદ આવ્યા. અહીં સત્યપથનાં દર્શન કર્યાં.

હવે સહુ બાળકો સહિત તમામની ધીરજ ખૂટી પૂ.માનાં દર્શનની તાલાવેલી વધી રહી. પાંચ કલાકના પ્રવાસને અંતે સૂર્યનારાયણ દેવ સોનેરી કિરણો ફેલાવતા અસ્તાચળ તરફ વધી રહ્યા. બાળકોની ઉત્સુકતા વધતી રહી. ખૂબ ધીરજથી આગળ વધતાં વધતાં અમારી યાત્રા સ્વર્ગારોહણને દ્વારે વિરમી એકાએક પ્રસન્નતા છવાઈ ગઈ!

પૂ.માની જીવંત પ્રતિભાને નિહાળવાનો અવસર આવી રહ્યો. એનાં દર્શનની દિવ્યતા નિહાળવાની ધન્યતા સાદ કરીને પોકારી રહી! થાક્યા બાળકોને ઉત્સાહ આપીને એ પહાડી પ્રદેશનાં પાંચ કલાકના પ્રવાસને પૂર્ણ કરી એ તીર્થભૂમિનાં પવિત્ર સ્થળને પ્રણામ પાઠવ્યા વિરમ્યા. પૂ.માએ વાત્સલ્ય ભાવથી ભીંજવી દીધા.

સ્વાગતમાં બેન્ડ વાજાં તો ગરબા ગાતી બહેનો તો હાથમાં દીવા સજાવી, ઊભેલા વડીલોને જોઈને થાક વિસરાઈ ગયો. જાણે પોતાના ઘરે આવી પહોંચ્યા.

અહીંના દિવસોની સમય પત્રિકા તો અલ્પવિરામ વાળી નીવડી. યોગતીર્થનું દર્શન, કુટીયાની પ્રદક્ષિણા, મહેંદી, ગરબા, ફટકડા, પતંગ, મટકીફોડ કે રંગોળી, નિષ્ણાંત બહેનોની મર્યાદિત સમયની રંગોળીની તાલીમ તો રાત્રે મનોરંજન પૂ.માના બાળવયના પ્રસંગો તો દેશભક્તિના પ્રસંગ જાણ્યાં. મોટી બહેનોના કોરિયોગ્રાફીથી ભરેલાં ગરબા તો સહુને ડોલાવી ગયા.

આ તીર્થભૂમિની ઉજ્જવળ કારકિર્દી તો કેવી? પાંચ મિનિટની પદરજની પરમોચ્ચતા!



કોઈ દિવ્યક્ષણે આ પવિત્ર ભૂમિ પર પૂ.શ્રી પ્રભુના માત્ર પાંચ મિનિટના વિશ્રામથી બન્યું પરમધામ 'સ્વર્ગારોહણ'.

## પૂ.માની સાધના બની વિશાળ સાધના કુટીર.

વિશ્રામ સ્થાનમાંથી રચાયું સ્વર્ગારોહણ તીર્થ. પુનઃ રચના થઈ! દાતા શ્રી શાંતિભાઈની વિશાળ તિજોરીનો ખજાનો ઉભરાઈ રહ્યો. યોગતીર્થ રચાયું. સાધના કુટીયા, સરોડાધામ કે ભોજનાલય વિશ્રામ સ્થાનમાંથી બન્યું સ્વર્ગારોહણ.

અહીંથી વહી સત્કર્મોની નદી, ગરીબોના નામઠામ શોધ અંદરના ગામોમાંથી માહિતી મેળવનાર યુવકોની સેવા મળી અનેકની આંખોને અજવાળા મળ્યાં. અપંગને પગ સાયકલ મળ્યાં. અરે રસ્તા પટના વટેમાર્ગુને મીઠા જળની પરબ મળી, તો લાકડાંના ભારા વેચનારાને વહેલી સવારે ભાથું મળ્યું. ભાદરવી પૂનમે છાશમાંથી હાશ અને દવા મળ્યાં. તો મફત નિદાનથી નવું જીવન મળ્યું. ભક્તોની ધનલક્ષ્મીથી રોજીંદી જીવન જરૂરીઆતથી તૃપ્તિ મળી. ગરીબોની હાશ મળી.

જ્ઞાન ભૂખ્યાને જ્ઞાનગંગા મળી, પ્રભુજીનાં પુસ્તકોની લ્હાણી મળી. પવિત્ર સાધના સ્થાન સાથે યોગતીર્થની યાત્રામાં મૂલ્યવાન પત્ર પ્રસાદી સાથે તસ્વીરોથી જીવંત જીવન મળ્યું.

આ સઘળા સત્કર્મો—પ્રવૃત્તિ પાછળ પૂ.માની તપશ્ચર્યાનું નવનીત ઢોળાયું. જેમાંથી સ્વર્ગારોહણ તીર્થભૂમિ અમર યાત્રાધામ બન્યું! અહીં જ દેવપ્રયાગ! આજ હરિદ્વાર આજ ગંગા, કાશી અને સરોડાધામ! અહીં જ વહી રહી છે કર્પૂરવનની સુવાસ!

આ લેખ લખવામાં મારા મમ્મી શ્રી સુશીલાબેનની મદદ મળી છે તે બદલ હું એમના આભારી છું.

# જીવનની પ્રથમ સ્વર્ગારોહણ યાત્રા

—અમિષા ટોરન્ટો, કેનેડા

જય કૃપાળુ મા,

પૂજ્ય મા—પ્રભુના ચરણકમળમાં કોટિ કોટિ પ્રણામ. તિલક અને મધુરમ્‌ના માતા—પિતા બન્યા પછીની આ અમારી પહેલી યાત્રા હતી ભારત અને સ્વર્ગારોહણ માટેની. પૂજ્ય મા—પ્રભુની અનન્ય કૃપા જેથી અમે આ યાત્રાનો નાનો—સરખો ભાગ બની શક્યા. કેમકે, મક્કમ મન રાખી ટિકિટ તો બુક કરાવી દીધેલી પણ અર્ધો નવેમ્બર મહિનો પતી ગયો તો પણ એ ખબર ન હતી કે મારું વેકેશન મંજૂર થયું કે નહીં. ડિસેમ્બરની ૨૧ તારીખથી ૨૭ તારીખ સુધી અમે સ્વર્ગારોહણમાં રહ્યાં. પૂજ્ય મા—પ્રભુનો ખૂબ ખૂબ આભાર અમને સતત સ્વર્ગારોહણરૂપી ગંગામાં ડૂબકી મરાવવા માટે અને એનું રસપાન કરાવવા માટે, એ પણ મા—અંબાની છત્ર—છાયામાં, પછી તો જોવાનું શું? જ્યાં મારી જન્મ—આપનારી માતા કરતાં પણ ઊંચું વિચારનારા અને કાળજી રાખનાર મા—પ્રભુ માવડી હોય.

આટલા દિવસોના મારા સ્વર્ગારોહણના રહેવાસ દરમિયાન મેં અનુભવ્યું કે, હું ખરેખર સ્વર્ગનું વાતાવરણ મ્હાલી રહી છું. હજું પણ એ ધન્ય પળો આંખની સામે જીવંત છે, એવું લાગે કે બધું નજર સામે જ થઈ રહ્યું છે. સતત માનું દર્શન અને પૂ.માના સાંનિધ્યમાં બેઠા એટલે બહારની દુનિયા જાણે સ્પર્શ જ ના કરી શકે. ખાસ કરીને મારા મન પર ઘણી ઊંડી છાપ છોડી હોય એ



છે ‘‘શ્રમયજ્ઞ’’. પૂ.માનો અતૂટ પ્રેમ અને નિખાલસ હાસ્ય મને યાદ આવે છે, એ ભારતની યુવાન બહેનોએ કરેલા રાસ—ગરબાની ક્ષણ, એટલાં પ્રસન્ન હતાં પૂ.મા કે—પૂ.માનું હાસ્ય એક તરફ અને બીજું બધું એક તરફ. ત્યારે એમ થાય કે હું એક ક્ષણ માટે પણ આંખ નહીં ઝબકાવું.

‘‘સકલ સૃષ્ટિનું મધુ લઈને, બન્યું મારી ‘‘મા’’નું મુખ...’’

પૂ.મા—પ્રભુનો ખૂબ—ખૂબ આભાર, આ યાત્રાને જીવનની કદી ના ભૂલાય એવી યાત્રા બનાવવા માટે. આ ફૂલવાડી યાત્રામાં જોડાયા તો બાળકોને સ્વર્ગારોહણના દર્શન, કુટિયાનાં દર્શન, યોગતીર્થનાં દર્શન, સરોડાધામનાં દર્શન, કરાવી શક્યા. જે એમણે અત્યાર સુધી DVD માંજ જોયું હતું. સ્વર્ગારોહણના વિવિધ નિયમોથી વાકેફ કરાવી શક્યાં જેમ કે, સવારે પ્રભાતવંદના, પ્રણામ, પ્રાર્થના અને કલાકે કલાકે જ્યારે ‘‘ૐ નમઃ ભગવતે યોગેશ્વરાય’’નો મંત્ર બોલાય ત્યારે જ્યાં પણ હોય ત્યાં બે હાથ જોડી મંત્ર બોલવા વગેરે. બસ એ જ સાથે પૂ.માને પ્રાર્થના કે ‘‘પાસે રહેજો, સાથે રહેજો, રક્ષા કરજો.’’ ફૂલવાડીના ફૂલડાંઓની સાથે સાથે અમારામાં જોશ અને ઉલ્લાસ ભરતાં રહેજો. પૂ.માના ચરણકમળમાં પ્રણામ, પ્રણામ, પ્રણામ...

**જય કૃપાળુ મા,**

**અમિષા.**